।। श्रीकृष्णाय नमः ।।
।। श्रीवल्लभाधीशो जयति ।। ।। जयति श्रीविठ्ठलेश्वरः ।।

।। પુષ્ટિસંસ્કાર ।।

વર્ષ - ૮, અંક - ૧૦, સળંગ અંક - ૯૪, જાન્યુઆરી - ૨૦૧૮

यथाऽऽत्ममायायोगेन नानाशक्त्युपबृंहितम् ।
विलुम्पन् विसृजन् गृह्णन् बिभ्रदात्मानमात्मना ।।
क्रीडस्यमोघसंकल्प ऊर्णनाभिर्यथोर्णुते ।
तथा तद्विषयां धेहि मनीषां मयि माधव ।।
(श्रीमद्भागवत –२/९/२६–२७)

આપ માયાના સ્વામી છો, આપનો સંકલ્પ ક્યારેય વ્યર્થ નથી હોતો. જેમ કરોળીયો પોતાના મોઢામાંથી તાર કાઢી તેનું જાળુ બાંધી તેમાં ક્રીડા કરે છે અને પછી તેને પોતાનામાં જ પાછુ સમાવી લે છે, તેવી જ રીતે આપ આપની માયાનો આશ્રય લઇ આ વિવિધ શક્તિ સમ્પન્ન જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરવા માટે આપ આપને પોતાને અનેક રૂપોમાં પ્રકટ કરો છો અને ક્રીડા કરો છો. આ બધુ આપ કેવી રીતે કરો છો? આ મર્મને હું જાણી શકુ એવું જ્ઞાન આપ મને આપો.

પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન - મોટી હવેલી, જૂનાગઢ (ગુજરાત)
Web: www.pushtisanskar.org

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

‘પુષ્ટિસંસ્કાર’

પ્રેરક
ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

પથદર્શક
ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

પ્રકાશક
શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨001
ફોન:૦૨૮૫-૨૬૨૦૨૦૦

મુદ્રક
મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

વાર્ષિક લવાજમ
₹૧૫૦/- પ્રતિ અંક ₹ ૧૫/-
વિદેશ માટે ₹૨૦૦૦/-

- પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

- **‘પુષ્ટિસંસ્કાર’** નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે **‘શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય’** પર જાણ કરવી.
ફોન:૦૨૮૫-૨૬૨૦૨૦૦

અનુક્રમણિકા

सर्वहितकारिणी गोमाता	૦૪
પુષ્ટિબોધ	૦૬
પ્રભુ કેમ મળે	૦૮
શિક્ષાપત્ર	૧૦
શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય	૧૨
કીર્તન રસાસ્વાદ	૧૩
સેવાફલ	૧૫
વલ્લભના વ્હાલા વલ્લભીય	૧૭
જાણો અને જીવો	૨૦
બાલવિભાગ	૨૧
જેવા ચક્ષુ તેવી નજર	૨૩
વૈષ્ણવ કોને કહેવાય	૨૫
પુષ્ટિ પ્રશ્નોતરી	૨૬
આપણા આવનારા ઉત્સવો	૨૭
પુષ્ટિસંસ્કાર સમાચાર	૨૯
પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન	૩૨
વ્રતોત્સવ ટિપ્પણી	૩૪

તંત્રી/સંપાદક : કમલ સેજપાલ, **શ્રીપુષ્ટિ ફાઉન્ડેશન પ્રમુખ :** જયેન્દ્રભાઇ તન્ના

शास्त्रोंमें गोमहिमा

यह समग्र सृष्टि भगवानकी रचना है। हम सभी भगवान् श्रीकृष्णके अंश है। हमारा कल्याण हो एतदर्थ प्रभुने स्वयं शास्त्रोंकी रचना की हैं। हमारे ऋषिमुनि-आचार्योंने भी भगवदाज्ञानुसार ही हमें कर्तव्य एवं अकर्तव्यका बोध कराया है।

प्रामाण्य-व्यवस्था

हमारे यहां सुदृढ शास्त्र-प्रामाण्य-व्यवस्था है, इसीको श्रीमहाप्रभुजीने -

'वेदा: श्रीकृष्णवाक्यानि व्यास-सूत्राणि चैव हि।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ।।'
(तत्त्वार्थदीपनिबन्ध, शास्त्रार्थ प्रकरण-७)

द्वारा उपनिबद्ध किया है।

महाभारत

महाभारत श्रीवेदव्यासजीकी रचना है, इसे श्रीगणेशजीने स्वयं लिपिबद्ध किया है।

'यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् क्वचित्'

- यह उक्ति महाभारतकी महिमासे मंडित है।

'' इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्
बिभेत्यल्पश्रुतात् वेदो माम् अयं प्रहरिष्यति''

- इस वचनसे महाभारत, पुराणोंकी महत्ता एवं उपयोगिता स्पष्ट है।

'नास्तिको वेदनिन्दक:' इस वचनसे वेदोंका प्रामाण्य सर्वस्वीकृत है।

सभी आचार्योंने वेदतात्पर्य-निरूपणमें श्रीवेदव्यासजीके ब्रह्मसूत्रको स्वीकार किया है। श्रीमद्भगवद्गीता एवं श्रीमद्भागवत तो प्रामाण्यव्यवस्थामें मूर्धन्य स्थान पर विराजित हैं ही।

इन प्रमाण-चतुष्टयानुसारी सभी शास्त्रोंका प्रामाण्य स्वीकृत हैं।

हमारे शास्त्र ही हमारे जीवनकी सफलता निर्धारित करनेमें महत्त्वपूर्ण आधार है।

गोलोक

हमारे आराध्य भगवान् श्रीकृष्णकी नित्यलीलास्थली है **'गोलोकधाम'**।

यहां गोमाता-गोवंश आनन्दसे विराजित है।

हमारी गोमाता-गोवंश गोलोकधाममें विराजित गोमाताका ही वंश है -



'गोलोकाद् आव्रजत् कृष्णं सुरभि:'
(श्रीमद्भागवत दशमस्कन्ध-पूर्वार्ध-२७/१)
'गोकुले स्ववंशो रक्षित: इति सुरभि: समागता' (श्रीसुबोधिनी)

गर्गसंहिताके गोलोकखंडके द्वितीय अध्यायमें गोलोकका बड़ा ही मनोहारी प्रामाणिक वर्णन है। इसी वर्णनके अन्तर्गत कोटि कोटि गोमाता आभूषणोंसे विभूषित सुन्दररूपसे विराजित है ऐसा

वर्णन है।

वेदमें गोमहिमा

'गावो ह जज्ञिरे तस्मात्' (पुरुषसूक्त-वेद)

श्रीमद्भगवद्गीतामें गोमहिमा

'सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ।।' (३/१०)

महाभारतमें गोमहिमा

प्रजाः सृजेति व्यादिष्टः पूर्वं दक्षः स्वयंभुवा।
असृजद्वृत्तिमेवाग्रे प्रजानां हितकाम्यया ।।११।।
यथा ह्यमृतमाश्रित्य वर्तयन्ति दिवौकसः।
तथा वृत्तिं समाश्रित्य वर्तयन्ति प्रजा विभो ।।१२।।
अचरेभ्यश्च भूतेभ्यश्चराः श्रेष्ठास्ततो नराः ।
ब्राह्मणाश्च ततः श्रेष्ठास्तेषु यज्ञाः प्रतिष्ठिताः ।।१३।।
यज्ञैराप्यायते सोमः स च गोषु प्रतिष्ठितः ।
सर्वे देवाः प्रमोदन्ते पूर्ववृत्तास्ततः प्रजाः ।।१४।।
एतान्येव तु भूतानि प्राक्रोशन्वृत्तिकाङ्क्षया ।
वृत्तिदं चान्वपद्यन्त तृषिताः पितृमातृवत् ।।१५।।
इतीदं मनसा गत्वा प्रजासर्गार्थमात्मनः ।
प्रजापतिर्बलाधानममृतं प्रापिबत्तदा ।।१६।।
स गतस्तस्य तृप्तिं तु गन्धं सुरभिमुद्गिरन् ।
ददर्शोद्गारसंवृत्तां सुरभिं मुखजां सुताम् ।।१७।।
सासृजत्सौरभेयीस्तु सुरभिर्लोकमातरः ।
सवर्णवर्णाः कपिलाः प्रजानां वृत्तिधेनवः ।।१८।।
(महाभारत, अनुशासनपर्व, दानधर्मपर्व, गोप्रदानिकम् ७६)

उपरोक्त प्रमाणोंसे स्पष्ट है कि गोमाता-गोवंश सामान्य सृष्टि नहीं है अपितु स्वयं प्रभु अथवा प्रभुकी प्रेरणासे प्रजापतिने अमृतपान किया तथा अमृतपानोद्गारसे गोमाता-गोवंश का आविर्भाव हुआ।

क्रमशः

પુષ્ટિબોધ

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી

ગતાંકનું ચાલુ...

ધર્મસ્થાન - તીર્થસ્થાન સમ્બન્ધી શિષ્ટાચાર

કોઇપણ ધર્મસ્થાનોમાં કે તીર્થસ્થાનોમાં જઇએ તો ત્યાંની ગરિમા અને સ્વચ્છતાનું ધ્યાન રાખવું. આપણી અનુકૂલતા કરતા આપણા ઇષ્ટ ભગવત્સ્વરૂપોની પ્રસન્નતાનો વિશેષ વિચાર કરવો. ત્યાં સાફસફાઇ કરવામાં તેમજ અન્ય આવશ્યક વ્યવસ્થાઓ કરવામાં સહયોગી થઇ શકીએ તો તે કાર્યોને સૌભાગ્ય માનીને કરવા.

શ્રીમહાપ્રભુજીના બેઠકજી - શ્રીમહાપ્રભુજીના બેઠકજીમાં યોગ્ય રીતે સ્નાન કરી વૈષ્ણવી વેશ ધારણ કરીને શાન્તિથી થઇ શકે તેટલો સેવા ક્રમ કરવો. શ્રીમહાપ્રભુજી; બેઠકજીમાં આચાર્યસ્વરૂપે બિરાજે છે તેથી આચાર્યસ્વરૂપ અને આચાર્યચરિત્રને અનુકૂલ સેવાક્રમ કરવો. શ્રીમહાપ્રભુજીને કુલ્હે, મોરચન્દ્રિકા, ગુંજામાલા વગેરે પ્રભુને ધરાવવામાં આવતા શૃંગાર ધરાવવા જોઇએ નહી; આ વ્યવહાર આચાર્યસ્વરૂપના અનાદર સમાન છે. આચાર્યચરણ; શ્વેત ધોતી ઉપરણા, તિલક તથા ઉત્સવ સમયે કેસરી ધોતી ઉપરણામાં જ પ્રસન્નતાથી બિરાજે છે (તે જ રીતે શ્રીઆચાર્યજીના પ્રભુ અથવા સ્વામિનીજી જેવા શ્રૃંગાર કરેલા ચિત્રો પણ બનાવવા જોઇએ નહી અને તેવા ચિત્રોનો પ્રચાર પણ કરવો નહીં). કેટલાક બેઠકજીમાં ઝારીજી ભરવાના રૂપિયા નક્કી કરેલા હોય છે તે સર્વથા અયોગ્ય છે, તેવી વેપારી વૃત્તિમાં સહયોગી ન થવું.

શ્રીઆચાર્યચરણ સન્મુખ બેસીને શાન્તચિત્તથી શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ તેમજ કીર્તનગાન કરવું.

❖ **પુષ્ટિમાર્ગીય આચાર્યગૃહ** - પુષ્ટિમાર્ગીય આચાર્યગૃહમાં અથવા આચાર્યપ્રવચનમાં જઇએ ત્યારે આપણું પુષ્ટિજ્ઞાન અને પુષ્ટિભાવ વધે તે રીતે વર્તન કરવું. લૌકિક વાતો ન કરવી. શ્રીઠાકુરજીના મનોરથોના નામે પૈસા લેવાતા હોય તો તેમાં સહયોગ ન કરવો. પુષ્ટિધર્મપ્રચાર સંબંધી કોઇ કાર્ય થતું હોય તો તેમાં સહયોગી બનવું. ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું અને સત્સંગનો લાભ લેવો.

❖ **ગોશાલા** - ગોશાલામાં જઇએ ત્યારે ગાયના સુખ અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને વ્યવહાર કરવા. આપણી ગાયો જ્યાં ત્યાં રઝળતી ન બને તે માટે સામૂહિક પ્રયત્નો દ્વારા ગોશાલાનું નિર્માણ કરવું અને ચાલતી ગોશાલામાં સહયોગ કરવો. પંચગવ્ય ઔષધિઓનો ઉપયોગ કરવો. ગાયનું જ દૂધ પીવાનો આગ્રહ રાખવો. આપણે ભોજન કરીએ તે પહેલા ગોગ્રાસ કાઢી લેવો અને તે ગાયને આપવો. જો નિકટમાં ગાયની ઉપલબ્ધિ ન હોય ગોગ્રાસ હેતુથી યથાસામર્થ્ય દ્રવ્ય કાઢીને તેને ગોશાલા સહયોગમાં આપવું. પ્લાસ્ટિકના ઝબલામાં કોઇપણ ખાદ્યવસ્તુ ક્યારે પણ રસ્તામાં કે જ્યાં ત્યાં ન નાખવી. ગાયને તે પ્લાસ્ટિક ખાવાથી અતિશય કષ્ટ થાય છે; તેવું ન જ કરવું.

❖ **વ્રજભૂમિ** – વ્રજ આદિ તીર્થસ્થાનોમાં જઇને ત્યાં શુદ્ધ સાત્ત્વિક વિચાર અને વ્યવહાર રાખવા. તે સ્થાનોમાં થયેલી પ્રભુની લીલાઓનું સ્મરણ કરવું. આ સ્થાનોની પવિત્રતા જાળવવી, જ્યાં ત્યાં કચરો કે પ્લાસ્ટિકની થેલીઓ નાખીને તીર્થસ્થાનોને અસ્વચ્છ ન કરવા.

શ્રીગિરિરાજજીને દૂધથી અભિષેક કરીએ તો થોડાક જ દૂધથી કરવો અને તે પણ ગાયનું શુદ્ધ દૂધ મળે તો જ કરવો.

શ્રીયમુનાજી પ્રત્યેના વ્યવહારમાં પણ ઘણી સાવધાની અપેક્ષિત છે. શ્રીયમુનાજીનો ચુંદડી મનોરથનો ક્રમ અવિહિત, અપારંપરિક અને અયોગ્ય (પુષ્ટિભાવનાથી વિપરીત) છે તેથી તેવું કાર્ય ન કરવું. શ્રીયમુનાજીના લોટીજીના વિક્રયના આજકાલ ચાલતા મહાપાતકરૂપ કૃત્યમાં ક્યારે પણ સહભાગી ન થવું.

શ્રીયમુનાજી ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિભાવને વધારનારા છે તેથી શ્રીયમુનાજીનું પૂજન સ્મરણ આદિ ભગવદ્‌ભક્તિના અંગરૂપ છે, સ્વતંત્ર નથી તે પુષ્ટિમાર્ગીય ભાવનું સ્મરણ રાખીને જ વ્યવહાર કરવા. શ્રીયમુનાજી વિશુદ્ધ જલ સ્વરૂપે વ્રજભૂમિમાં બિરાજે તે માટે યથાસંભવ પ્રયત્ન કરવા અને શ્રીયમુનાજીની શુદ્ધિના વિષયમાં સ્વયં પણ જાગૃત અને સાવધાન રહેવું.

સાત્ત્વિક આહાર

આપણા વિચારો પર આપણા આહારનો ખૂબ જ પ્રભાવ પડે છે. તેથી આપણે જે પણ ભોજન લઇએ તેના વિષયમાં ખૂબ જ કાળજી રાખવી.

સંભવ હોય ત્યાં સુધી ઘરમાં બનાવેલા સાત્ત્વિક ભોજનનો જ આગ્રહ રાખવો. બહારની તૈયાર વસ્તુઓ ચોકલેટ, બિસ્કિટ, વેફર, બ્રેડ, ઠંડા પીણા વગેરેનો ઉપયોગ બને ત્યાં સુધી ન કરવો. તેમાં અનેક પ્રકારના હિંસક પદાર્થો હોવાની સંભાવના રહેલી હોય છે. જો બહાર ખાવું જ પડે એમ હોય તો પણ અભક્ષ્યનું ભોજન તો નથી કરી રહ્યા ને ! તેની સાવધાની અવશ્ય રાખવી.

વૈષ્ણવે શાસ્ત્રનિષિદ્ધ એવા ડુંગળી, લસણ આદિ તામસ વસ્તુઓનો ત્યાગ કરવો. માંસાહાર તથા મદ્યપાન-બીડી-સિગરેટ, ગુટકા તમાકુ જેવા વ્યસનો શરીર અને બુદ્ધિ માટે વિઘાતક છે અને આપણી ધર્મનિષ્ઠાને ખંડિત કરનારા છે; આ બધાથી ખૂબ જ દૂર રહેવું.

એઠા – જૂઠાનો વિવેક રાખવો. ઉંચેથી જલ પીવાની આદત પાડવી. જો મોઢે માંડીએ તો જલ પીને હાથ અને વાસણ ધોઇ લેવા.

આ રીતે આચાર વિચારની શુદ્ધિ તેમજ શિષ્ટાચારોને જીવનમાં વણી લેવાથી વૈષ્ણવી જીવન સહજ થાય છે.

* * *

પ્રભુ કેમ મળે.

સંકલન : મથુરભાઇ રામાણી – જૂનાગઢ

નાયમાત્મા પ્રવચનેન લભ્ય ન મેધયા ન બહુના શ્રુતેન યમેવૈષ વૃણુતે તેન લભ્યસ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનૂં સ્વામ્ .... શ્રુતિ

આ બહુજ સુંદર અને મહત્વપૂર્ણ વાક્ય છે કે ભગવાન એને જ પ્રાપ્ત થાય જેનું વરણ ભગવાન કરે છે. જો કોઇ સ્વપ્રયત્નથી ભગવાનને પામવાની કોશિષ કરે છે. એમને ભગવાન મળે પણ નહી. આ વાત ઉપનિષદમાં તથા અન્ય જગ્યાએ કહી છે. પરંતુ આપણા પુષ્ટિમાર્ગમાં આ વાત મુખ્ય છે. આ સાંભળીને કે વાંચીને પહેલા એવો વિચાર આવે કે પ્રભુ અમારૂ વરણ કરશે કે નહિ ? આપણે તો ચાહીએ કે પ્રભુ અમારૂ વરણ કરે.

આમા સુક્ષ્મ વાત એ છે કે આપણા હાથમાં (આપણાથી) કેવલ ભાવને બદલવાની વાત છે. કેવી રીતે ? સક્રિય થવાને બદલે નિષ્ક્રીય થવાનું છે. કેવી રીતે જેવી રીતે હું લખી રહ્યો છું. તેના બદલે મને પ્રભુ લખાવી રહ્યા છે. આ ભાવ કરવાનો છે. હું લખી રહ્યો છું એ કર્તાનો ભાવ છે. તો ભગવાને મારુ વરણ કર્યુ નથી અને પ્રભુ જ બધુ લખાવી રહ્યા છે એનો અર્થ થયો કે ભગવાને મારૂ વરણ કર્યુ છે. આમ કરવાથી ભાવ કરવાથી બધી જ જવાબદારી ભગવાનની આવી જાય છે. ભૂલોની કે ત્રુટિની સંભાવના સમાપ્ત થતી દેખાય છે. આપણા જીવનની દરેક વાત સાથે (સેવા-સ્મરણ-ભજન-કિર્તન) આ ભાવને જોડવો જરૂરી છે. તેમજ આનાથી જીવનની દરેક વાત જોડવાથી જેમ કે હું દુઃખી છું અથવા હું દુઃખનો અનુભવ કરી રહ્યો છું, આની જગ્યાએ એમ માનીએ કે ભગવાને મારૂ વરણ કરીને મને અન્ય જીવો જેવા દુઃખનો અનુભવ કરાવી રહ્યા છે. આથી મને અન્ય જીવોના દુઃખના અનુભવથી એમના પ્રત્યે સહાનુભૂતિ જાગે, એના પ્રતિ કઠોરતા ન ઉદ્ભવે, હું કઠોર ન બનુ. વળી, દુઃખથી ભાગી કે પલાયન નહીં બનુ. સહનશીલતા વાળું મારૂ જીવન બને ત્યારે ઉત્તમ પરિણામ આવે. આવી જ રીતે સુખનું પણ છે. હું સુખનો અનુભવ કરૂ છું ના બદલે મને પ્રભુ સુખનો અનુભવ કરાવી રહ્યા છે. આથી ખ્યાલ આવે કે આ સુખમાં આટલું બધું સુખ તો છે તો અગણિત આનંદ કેવો હશે? ભજનાનંદ કેવો હશે? સુખાનુભવ પરમ સુખ તરફ લઇ જાય છે.

શ્રીકૃષ્ણએ અર્જુનને યુદ્ધ જેવા કાર્યમાં નિમિત્ત બનવાનુ કહ્યું. સાચુ તો એ છે કે બધા જ નિમિત્ત માત્ર છે કર્તા હોવાનો ભ્રમ છે. જેમ ગાડાનો ભાર સ્વાન તાણે. ગીતાજીમાં ગુણોના કર્તા બતાવ્યા છે.પરંતુ વિમૂઢાત્મા પોતે માને કે હું પોતે કર્તા છું. અહીં વરણના દૃષ્ટાંતમાં પ્રભુ જેનું વરણ કરે છે તેનામાં સમર્પણનો ભાવ આવી જાય છે. આ ભાવ કલ્યાણકારી સાથે પરમ ઉપયોગી પણ છે. યોગની દ્રષ્ટિથી દેખીએ તો કર્તા ભાવથી ચિત્ત ઉચક રહેશે. સ્વસ્થ ચિત્ત દશા, મનોદશામાં કર્તા ભાવ અહંભાવ નહી હોવાથી સાધના સફળ થશે. નિષ્ક્રિયતામાં વ્યાપક શક્તિ સહયોગ કરતી હોય છે. અહંકારની, અહંની સક્રિયતા સીમામાં બંધાયેલી હોય છે.

શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં ઉપાય આજ બતાવ્યો છે. ભગવાન દ્વારા વરણ થયુ છે તેથી ભાવ સ્થિતિમાં જ બધુ સંપન્ન કરવું જોઇએ. જેવી રીતે હું વિવેક રાખી રહ્યો છું તેની જગ્યાએ મારાથી વિવેક પ્રભુ રખાવે છે. ભગવાન દ્વારા મારૂ વરણ થયું છે તેથી ધૈર્ય રખાયુ, આશ્રય કરાવડાવ્યો, ભગવાન પોતે જ મને તેમનો આશ્રય કરાવી રહ્યા છે. બધુ જ ભગવાન કરે છે આનો અર્થ ભગવાન જ બધું કરાવી રહ્યા છે.

૨૫૨ વૈષ્ણવોની વાર્તા-૪૮માં શ્રીગુસાંઇજીનાં સેવક બિરબલની પુત્રીની વાર્તામાં પ્રસંગ સ્પષ્ટ થાય છે.

એક દિવસ શ્રીગુસાંઇજી આગ્રા પધાર્યા હતા. બિરબલની બેટીને શ્રીગુસાંઇજીના દર્શન સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમનાં દર્શન થયા તેથી બિરબલની બેટી શ્રીગુસાંઇજીની સેવક થઇ. તે નિત્ય કથા સાંભળવાને શ્રીગુસાંઇજી પાસે જતી કથામાં જે સાંભળતી તે મનમાં લખી રાખતી દિવસ અને રાત કથાના અનુભવનો સ્વાદ લેતી.

એક દિવસ બીરબલને બાદશાહે પૂછ્યુ સાહેબને શી રીતે મળાય? એ નિશ્ચય કરીને કહો ત્યારે બીરબલે સઘળા પંડિતોને તથા મહંતોને પૂછ્યું પણ એમને કહ્યું કશુ નજરમાં આવ્યું નહિ. તેથી બહુજ ચિંતાતુર થયો. ત્યારે બેટીએ કહ્યું આનો ઉત્તર શ્રીગુસાંઇજી આપશે. ત્યારે બીરબલ શ્રીગોકુલ આવ્યો શ્રીગુસાંઇજીને વિનંતી કરી. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી ‘‘આનો ઉત્તર બાદશાહને એકાંતમાં અમે કહીશું.’’ બીરબલે બાદશાહને કહ્યું. બાદશાહ શ્રીગોકુલ આવ્યા બીરબલ પણ સાથે આવ્યા. બાદશાહે પૂછ્યુ ‘‘સાહેબ શી રીતે મળે?’’ (ભગવાન શી રીતે મળે) એનો ઉત્તર બતાવો. શ્રીગુસાંઇજીએ લૌકિક રીતથી ઉત્તર આપ્યો ‘જેવી રીતે તમે અમને મળો છો તેવી રીતે સાહેબ મળે છે’. બાદશાહે કહ્યું એનું કારણ સમજાવો. શ્રીગુસાંઇજીએ કહ્યું અમે હજારો ઉપાય કરીએ તો પણ તમને મળવું કઠણ છે, પણ જો તમે વિચારો તો ઘડીવાર માં મળવામાં વાર લાગતી નથી, તુર્તજ અમને મળી જાવ છો, તે પ્રમાણે જીવ હજારો ઉપાય કરે તો પણ સાહેબ મળતા નથી. સાહેબ વિચારે તો જલદીથી મળે છે. જીવની પાસે કોઇપણ ઉપાય નથી પ્રભુની મરજી હોય તો એક ક્ષણમાં મળે છે.

પ્રભુનો અનુગ્રહ તે જ પ્રભુ પ્રાપ્તિનો આ માર્ગમાં ઉપાયો છે. જીવ પોતાના સાધનોથી પ્રાપ્ત કરી શકે નહી. તેથી દયારામભાઇએ ગાયું છે–

અજપા જપો અનહદ સુણો
પોપલાં સઘળા વ્યર્થ
જનદયા પ્રીતમ કૃષ્ણ ભક્તિ
વિના ન સરે અર્થ

* * *

જાણવા જેવું

સંકલન : નિલાબેન ભીમાણી, જુનાગઢ

– પુષ્ટિ કટોરી :

(૧) પંચામૃત (૨) વચનામૃત (૩) અધરામૃત (૪) ચરણામૃત (૫) લીલામૃત (૬) સ્વર્ગામૃત (૭) કથામૃત

– ભગવાનની બાર શક્તિ :

(૧) શ્રી (૨) ગિરા (૩) પુષ્ટિ (૪) કાન્તિ (૫) કિર્તી (૬) તુષ્ટિ (૭) ઇલા (૮) ઉર્જા (૯) વિદ્યા (૧૦) અવિદ્યા (૧૧) શક્તિ (૧૨) માયા

– કુંજ :

(૧) પુષ્પ કુંજ (૨) ફળ કુંજ (૩) રસકુંજ (૪) મધુકુંજ (૫) ગૌકુંજ (૬) દ્વાર કુંજ (૭) નવલકુંજ (૮) શિશિરકુંજ (૯) પ્રેમ કુંજ (૧૦) સિદ્ધકુંજ (૧૧) લક્ષ્મીકુંજ (૧૨) તુલસીકુંજ

– શ્રીનાથજીના ધ્વજાજીનો ભાવ :

(૧) મેઘશ્યામ ધ્વજા – શ્રીનાથજીના ભાવથી
(૨) પીળી ધ્વજા – શ્રીસ્વામિનીજીના ભાવથી
(૩) શ્યામ ધ્વજા – શ્રીયમુનાજીના ભાવથી
(૪) સફેદ ધ્વજા – શ્રીચંદ્રાવલીજીના ભાવથી
(૫) સોસની જાંબલી ધ્વજા – શ્રીગિરિરાજજીના ભાવથી
(૬) લીલી ધ્વજા – શ્રીરાધાસહચરીના ભાવથી
(૭) ગુલાબી ધ્વજા – શ્રીગોપીજનોના ભાવથી

– ગુજરાતી મહિનાની ચોવીસ એકાદશી

(૧) દેવ પ્રબોધિની (૨) રમા (૩) ઉત્પતિ (૪) મોક્ષદા (૫) સફલા (૬) પુત્રદા (૭) ષટ્તિલા (૮) જયા (૯) વિજયા (૧૦) આમલકી (૧૧) પાપમોચિની (૧૨) કામદા (૧૩) વરુથિની (૧૪) મોહિની (૧૫) અપરા (૧૬) નિર્જલા (૧૭) યોગિની (૧૮) દેવશયની (૧૯) કામિકા (૨૦) પવિત્રા (૨૧) અજા (૨૨) ઇન્દિરા (૨૩) પાશાંકુશા (૨૪) પરિવર્તિની

શિક્ષાપત્ર લેખાંક-૩૧

ચંદ્રિકાબેન નરશાણા - જૂનાગઢ

ભુતલ ઉપર શ્રીમહાપ્રભુજી પધાર્યા પણ તેનું સ્વરૂપ આપણે શું સમજી શકીએ? આચાર્ય સ્વરૂપે પ્રગટ થયેલા શ્રીવલ્લભ શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીના વિપ્રયોગ ભાવાત્મક તાપ ભાવનાનું જ સ્વરૂપ છે.

પરમાનંદદાસજીનું કીર્તન આપણને આ સ્વરૂપની પ્રતીતિ કરાવે છે.

હરિ તેરી લીલાકી સુધિ આવે...!
કમલ-નયન મોહન મુરત,
મન-મન ચિત્ર બનાવે ।।૧।।
એક બાર જાહિ મિલત દયા કરી, સો કૈસે બિસરાવે ।
મુખ મુસ્કાનિ બંક અવલોકનિ, ચાલ મનોહર પાવે ।।૨।।
કબહુક નિબિડ-તિમિર આલિંગન, કબહુક પીક સૂર ગાવે ।
કબહુક સંભ્રમે કાસિ કાસિ કહી, સંગ હી ઉઠ ધાવે..।।૩।।
કબહુક નેત્રમુંદિ અંતરગતિ, મણિમાલા પહેરાવે
પરમાનંદ શ્યામ-ધ્યાન કરી, ઐસે હી વિરહ ગમાવે.।।૪।।

આ લીલાનું સ્મરણ થતા આચાર્યજી વિપ્રયોગ લીલાના આંતર રમણમાં ત્રણ દિવસ અને ત્રણ રાત્રી નેત્રો મુંદીને બિરાજી રહ્યા. આવા આ વિરહ ભાવાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ આપણા પ્રાણ પ્રેષ્ઠ, આચાર્ય સ્વરૂપે આપણા પ્રભુની લીલાત્મક ભાવના સાથે પુષ્ટિની વૃષ્ટિ કરી રહ્યા. વાદળ જ્યારે જલથી ભરપૂર બની જાય છે ત્યારે તેને વરસવું જ પડે છે. તો મહાપ્રભુજીની કૃપા રૂપી બાદલ તો એવું છે સદાય વરસ્યા જ કરે છે. ક્યારેય ખૂટતું નથી.

આ શિક્ષાપત્રમાં ૨ જા શ્લોક થી ૧૫માં શ્લોક સુધી પ્રભુના - ૬૪ નામોનું ભગવદ્ સ્મરણ થાય છે. નામ-રૂપ અને ગુણના ત્રિવિધ ભાવથી ભરેલા આ નામો દ્વારા સ્વામિનીજીએ જલ્પન કર્યુ છે.

(૧) ગોપીજનના ઇશ, (૨) ગોકુલના આનંદદાતા (૩) ગોવિંદપાલક (૪) વ્રજભક્તોના પ્રાણપતિ (૫) કૃપાનિધિ (૬) ગોપાલ (૭) વ્રજના પાલક (૮) વ્રજભક્તોના સુખ રાશિ (૯) પરમાનંદ (૧૦) નંદ-યશોદાની ગોદમાં ખેલનારા (૧૧) સદાનંદ (૧૨) વ્રજભક્તોના આનંદઘન (૧૩) દામોદર (૧૪) દયાળુ (૧૫) દીનાનાથ (૧૬) દયાપર (૧૭) પુરૂષોતમ (૧૮) સર્વાંગસુંદર (૧૯) પ્રેમસભર (૨૦) કામદેવનાથ-કામદેવ (૨૧) પ્રિય (૨૨) ગોપવધુઓના સ્વામી (વિશેષણ યુકત નામો) (૨૩) વ્રજના આલંબનરૂપ સુંદર કટિવાળા (૨૩) લાંબા કેશવાળા (૨૫) કલાના ભંડારરૂપ (૨૬) વિરહાર્તિનું હરણ કરનારા (૨૭) ભક્તોના મનનું હરણ કરવામાં તત્પર રહેનારા (૨૮) મનને વિનોદ આપનારા (૨૯) ભાવના સમુદ્રરૂપ (૩૦) ભાવવાળા હૃદયમાં સ્થિર (૩૧) ભક્તના ચિત્તને ચંચળ કરનારા (૩૨) મહામુગ્ધ (૩૩) પોતાના ભક્તોના ભાવથી આંદોલિત થઇ તેને અનુસાર રૂપ ધારણ કરનારા પ્રભુ (૩૪) દૂધનું પાન કરવામાં સદાય જેનું મન ઉત્સુક છે તેવા (૩૫) માખણથી જેનું મુખ ખરડાયેલું છે તેવા (૩૬) દૂધના ટીપા જેના મુખ પર ચોટી ગયા છે તેવા (૩૭) વાળથી જેમનું મુખ આચ્છાદિત છે (૩૮) કામદેવથી પણ જે વધુ સુંદર છે તેવા (૩૯) જેમના ગાલ રંગાયેલા છે (૪૦) કસ્તુરીના તિલકથી જેમનું લલાટ શોભી રહ્યું છે એવા (૪૧) નુપૂરના રણકારથી શોભતા (૪૨) નખના ભૂષણથી ભૂષિત (૪૩) નાની શી કટિ ઉપર ઝીણી ઝીણી ઘુઘરીઓના વિલાસથી વિલસી રહેલા (૪૪) સુંદર શ્યામ (૪૫) સુંદરવાઘ નખથી શૃંગારિત (૪૬) ચપળ નેત્રોવાળા (૪૭) વિશાળ નેત્રોથી વિલક્ષણ (૪૮) દીનજનોના એકમાત્ર શરણરૂપ (૪૯) સર્વ સામર્થ્યથી-સર્વશક્તિમાન (૫૦) નંદનંદન (૫૧) માતા યશોદાના કંઠના આભરણ રૂપ (૫૨) કૃષ્ણ (૫૩) સદાનંદ (૫૪) વૃન્દાવન ભૂષણ (૫૫) નંદરાજતનુ (૫૬) યશોદોત્સંગલાલિત (૫૭) ગોપીકેશ (૫૮) ગોકુલેન્દ્રદેવ (૫૯) વ્રજજનાર્તિ હર (૬૦) નિ:સાધન નાથ (૬૧) નંદાદિ-સર્વસ્વ (૬૨) કામદેવ નવાંકુર (૬૩) નિરાલંબના આલંબન (૬૪) આંધળાની લાકડી રૂપ.

વિશેષ, વિશેષણ અને વિશેષ્યથી શોભિત આ બધા જ નામોમાં ખૂબજ રસથી પ્રગટ થતા રસનો હાર્દ છલકે છે. પરંતુ છેલ્લું નામ અંધ: લકુટિપ્રિય -

આંધળાની લાકડી જેમ અંધને અતિ પ્રિય છે તેવી જ રીતે આપણે બધાજ આંખવાળા હોવા છતા આંધળા છીએ સાચી દૃષ્ટિ નથી માટે દૃષ્ટિહીન છીએ. શું કારણથી..? તો અહિં હરિરાયજી સમજાવે છે.

મનુષ્યદેહ તો પ્રાપ્ત થયો. જીવન જીવી રહ્યા છીએ. પણ આ ભવસાગરમાં ડુબકી મારી રહ્યા છીએ. સંસાર સાગરમાં તો એવા ડુબ્યા છીએ કે તેમાંથી બહાર નીકળવાનું મન નથી થતું ક્યારેક મન થાય છે તો સાચો કિનારો મળતો નથી. સાચો કિનારો ન મળે તો ભવ સાગર કઇ રીતે પાર કરી શકાય? સંસાર સાગરમાં રહેલી માયાની લહેરો જીવનમાં એટલી બધી ફેલાય ગઇ છે કે તે લહેરોની પ્રબળ થપાટો પણ જીવને કાંઇ અસર કરતી નથી. અનેક વખત પછડાટી ખાઇને જપ કરે ફરી ઉભા થઇએ ત્યારે ફરી સંસાર સાગર ખારો લાગવાને બદલે મધ જેવો મીઠો લાગે છે. કારણ કે ભગવાને માયાનું એક એવું આવરણ ફેલાવ્યું છે કે અહંતા-મમતા છૂટતી જ નથી. અવિદ્યાના અધ્યાસો એવા તો જડ થઇ ગયા છે કે જીવ તેને છોડી શકતો નથી. તેમાંથી છૂટવાનો જેમ જેમ પ્રયત્ન થાય છે તેમ તેમ બન્ધન વધુને વધુ કઠિન બની જાય છે.

ગીતાજીમાં શ્રીભગવાને આજ્ઞા કરી છે-

''દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ।।'' ૭/૧૪

શ્લોકાર્થ - આ મારી ગુણમયી માયા દુસ્તર છે જેઓ મારો જ (ભગવાનનો જ) આશ્રય કરે છે તેઓ આ માયાને તરે છે.

પ્રકૃતિના ગુણો જ બંધન કરાવનારા છે. તે જ માયાના ગુણો સર્વ જગતને મોહ કરે છે અને ઇશ્વરના સ્વરૂપને જાણવા દેતા નથી. પરંતુ જીવને અવિદ્યાથી થતો અધ્યાસ વધારે મૂઢ બનાવે છે અને તેથી તે જીવને બન્ધનરૂપ થાય છે. તેથી આ ભગવાનની ગુણમયી માયા (રજ, સત્ય અને તમ ગુણવાળી માયા) તરવી કઠિન છે. પરંતુ જેઓ પ્રભુને આશરે જાય છે તેઓ પ્રભુની કૃપાથી તરી શકે છે. માયાને તરવાનો બીજો કોઇ ઉપાય જ નથી આ દૈવી-માયા છે. આસુરી નથી. આસુરી માયા પ્રયાસ કરવાથી (અમુક ચોકકસ વિશેષ જ્ઞાનની પ્રાપ્તિથી) દૂર કરી શકાય છે. પરંતુ દૈવી-માયાને તરવા માટે તો શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવાનો છે. તો જ તેના માટે હિતકારી નીવડે છે.

સુબોધિનીજીમાં પણ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે કે ભગવાન માટે રચાયેલા (ભગવદ્કૃત) જગતમાં જીવની પોતાની અહંતા-મમતા હોય ત્યારે ભગવાનના વિરોધને લીધે બંધન થાય છે. ભગવાનની માયાશક્તિથી પુત્રમાં પ્રેમ થાય છે. નિશ્ચય કરાવનારી માયા જ છે, પરંતુ માયાથી થયેલો સ્નેહ જેઓ ભગવાનને શરણે જાય છે ત્યારે ભગવાન દ્વારા જ દૂર થઇ જાય છે. બીજાથી દૂર થઇ શકતો નથી. અને તે જ વ્યક્તિ તરી જાય છે.

પ્રભુના સ્મરણથી તેમના નામોના રટણથી શ્રીસ્વામિનીજીની કૃપાથી હૃદયમાં જ્યારે ભાવ પ્રગટ થાય છે ત્યારે જ પ્રભુ પોતાનો અનુભવ કરાવે છે.

સ્મરણ બે રીતે કરવાનું છે. સંસ્કારપૂર્વકનું સ્મરણ અને સ્નેહપૂર્વકનું સ્મરણ. પ્રતિદિન પ્રાતઃકાળે નિત્ય-ક્રમ પછી ભગવદ્ નામ લેવાની એક ટેવ પડી ગઇ છે. એ આપણા સંસ્કાર છે અને તે સ્મરણ સંસ્કારપૂર્વકનું સ્મરણ છે. પરંતુ તે સ્મરણ કરતાં કરતાં જો સ્નેહની-ઉર્મિઓ પ્રગટ થાય જે હૃદયમાં ઉછળીને ફરી પાછી હૃદયને સ્પર્શી જાય તો તે સ્નેહપૂર્વકનું સ્મરણ છે. સંસ્કારની સાથે સ્નેહ જોડાતા સોનામાં સુગંધ ભળે, તે જ પ્રગટ ભક્તિભાવ છે. જે શ્રીવલ્લભને અભિપ્રેત છે. શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરવામાં આવતું સ્મરણ પ્રભુ સુધી જરૂર લઇ જાય છે અને ત્યારે પ્રભુ તે જીવને પોતાનો કરીને જાણે છે. બહિર્મુખ થતો બચાવે છે.

બહિર્મુખતા કઇ રીતે દૂર થાય? વિચારીએ કે એનો સ્પર્શ પણ દૈવી જીવોને ન થવો જોઇએ તેનું વિશેષ વિવેચન હવે ૧૩માં શિક્ષાપત્ર દ્વારા શ્રીહરિરાયજી આપણને સમજાવશે.

આચાર્ય શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાય મહાપ્રભુજીના ચરણકમલમાં દંડવત્....

શ્રીબેઠકચરિત્ર માહાત્મ્ય

નરોત્તમભાઇ તન્ના - બાંટવા

બેઠકજી ૩૩મા-ચંપારણ્યના બીજા બેઠકજીનું ચરિત્ર

આચાર્ય શ્રીમહાપ્રભુજીના બીજા બેઠકજી ચંપારણ્યમાં છે. ત્યાં છઠ્ઠી પૂજન થયુ છે. ત્યાં માધવાનંદ કરીને બ્રહ્મચારી કાશીમાં ગંગાજીના કિનારે તપસ્યા કરતા હતા. તો તેણે અઠયાવીસ વર્ષ સુધી તપસ્યા કરી. ત્યારે શ્રીગંગાજીમાંથી વાણી પ્રકટ થઇ કે તમારે જે જોઇએ તે માંગી લો. ત્યારે માધવાનંદ બ્રહ્મચારીએ કહ્યું, કે મારે તો વ્રજલીલાના દર્શન કરવા છે. તે કરાવો. ત્યારે તેને આજ્ઞા થઇ કે તમે ચંપારણ્યમાં જલ્દી જાઓ; ત્યાં સાક્ષાત્ શ્રીપૂર્ણપુરૂષોત્તમનો પ્રાદુર્ભાવ થયો છે. ત્યા તમને વ્રજલીલાનાં દર્શન થશે અને મુકુંદદાસ સન્યાંસી પુષ્કરજીમાં હતા, તેઓ રોજ નિત્ય શ્રીભાગવતનો પાઠ કરતા, તેને પણ આજ્ઞા થઇ કે તમે વર માંગો, ત્યારે તેણે પણ કહ્યું, કે મને વ્રજલીલાના દર્શન કરાવો, ત્યારે આજ્ઞા થઇ કે શ્રીલક્ષ્મણભટ્ટજીને ઘરે શ્રીપૂર્ણપુરૂષોત્તમનો પ્રાદુર્ભાવ થયો છે, તેથી તમે ચંપારણ્યમાં જલ્દી જાઓ. ત્યારે તે પણ ચંપારણ્યમાં આવ્યા. ત્યારે નંદમહોત્સવ તો થઇ ગયો હતો.

માધવાચાર્ય બ્રહ્મચારી અને મુકુંદદાસ સન્યાસીએ પોતે પોતાનો વૃતાંત લક્ષ્મણભટ્ટજીની આગળ કહ્યો ત્યારે લક્ષ્મણભટ્ટજીએ કહ્યું, કે પ્રાકટ્ય સમયે અનિર્વચનીય આનંદ થયો હતો. હવે છઠ્ઠીપૂજન થશે, ત્યારે તમે આપને વિનંતી કરજો, જે તમારી ઇચ્છા હશે તે દર્શન કરાવશે. છઠ્ઠીપૂજનના સમયે લક્ષ્મણભટ્ટજીએ ચંપારણ્યમાં ચંપારણ્ય કુંડમાં એક ચંપાના વૃક્ષની નીચે ઇલ્લમાગારૂજી સહિત પૂજન કર્યુ. તે સમયે માધવાનંદ અને મુકુંદદાસ બંને આવ્યા. તેમણે શ્રીઆચાર્યજીને દંડવત કર્યા. તે સમયે શ્રીઇલ્લમાગારૂજીની ગોદમાં કોટિ કંદર્પ લાવણ્ય રૂપ આપશ્રી બિરાજે છે, આપશ્રીએ તે બંનેની ઇચ્છા જાણી તે સમયે તે બંનેને વ્રજલીલાના દર્શન કરાવ્યા, તેમાં ગોપ, ગાયન સહિત શ્રીગિરિરાજ, શ્રીયમુનાજી, શ્રીવૃંદાવન અને વ્રજલીલા સ્થલનાં ત્યાં છઠ્ઠીના બેઠકજીમાં દર્શન કરાવ્યા. ત્યારે માધવાનંદ અને મુકુંદદાસ એ બંનેની લીલામાં પ્રાપ્તિ થઇ. તે પછી લક્ષ્મણભટ્ટજી અને માતા ઇલ્લમાગારૂજી શ્રીઆચાર્ય મહાપ્રભુજીને પધરાવીને નગર ચૌડામાં પધાર્યા ત્યારે રાજાએ બહુ સન્માન કર્યુ અને વિનંતી કરી કે ચાર દિવસ અહિં બિરાજીએ. ત્યારે લક્ષ્મણભટ્ટજીએ કહ્યું કે મારે હવે કાશી જવાની ઇચ્છા છે, તેથી તમે વ્યવસ્થા કરી દ્યો તો ઠીક થાય. ત્યારે રાજાએ પહેરા (સૈનિક સજ્જ) સાથે મોકલવાની વ્યવસ્થા કરી દીધી અને તે પહેરેગીરને રાજાએ કહ્યું કે તમે આમને કાશી પહોંચાડીને લક્ષ્મણભટ્ટજી દ્વારા પત્ર લખાવીને આવજો. ત્યારે લક્ષ્મણભટ્ટજી શ્રીમહાપ્રભુજીને પધરાવીને કાશી પધાર્યા. કેટલાક દિવસે કાશી જઇ પહોચ્યા ત્યારે પરમ આનંદ થયો અને જે જે કાર થયો.

આ ચરિત્ર શ્રીઆચાર્ય મહાપ્રભુજી આપે ચંપારણ્યના બીજા બેઠકજીમાં પ્રગટ કર્યુ.

શ્રીગુસાંઇજીનાં બેઠકજી - ૯
સંકેતવન

અહિં સંકેતદેવીના મંદિર પાસે શ્રીગુસાંઇજીના બેઠકજી બિરાજે છે. આ સ્થળે શ્રીઠાકોરજી સ્વામિનીજીના લગ્નનો મહોત્સવ ઉજવાયો હતો. અહિં બિરાજી શ્રીગુસાંઇજી ભાગવતજીનું પારાયણ કરતાં હતા. તે સમયે આપશ્રી સાથે રેંડા નામે એક વૈષ્ણવ હતો. તેમણે શ્રીગુસાંઇજી પાસે પ્રભુના એ લગ્ન મહોત્સવના દર્શન કરવાનો મનોરથ રાખ્યો. શ્રીગુસાંઇજી તેમને દિવ્ય દૃષ્ટિ આપી એ અલૌકિક દર્શન કરાવ્યા હતા.

સંકલન - અંજલિ સી. ફળદુ - સુરત

કીર્તન રસાસ્વાદ

સંકલન : વિમલભાઈ ભટ્ટ

વસંતનું પદ

સહજ પ્રીતિ ગોપાલે ભાવે ।।
મુખ દેખે સુખ હોય સખીરી,
પ્રીતમ નૈનસોં નૈન મિલાવે ।।૧।।
સહજ પ્રીતિ કમલ ઔર ભાનેં,
સહજ પ્રીતિ કુમુદીની ઔર ચંદે ।।
સહજ પ્રીતિ કોકીલા વસંતે,
સહજ પ્રીતિ રાધા નંદનંદે ।।૨।।
સહજ પ્રીતિ ચાતક ઔર સ્વાતે,
સહજ પ્રીતિ ધરની જલધારે ।।
મન, ક્રમ, વચન દાસ પરમાનંદ,
સહજ પ્રીતિ કૃષ્ણ અવતારે ।।૩।।

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુત કર્મણે ।
રૂપનામ વિભેદેન જગત ક્રીડતી યો યતઃ।।

આ સમગ્ર વિશ્વ ભગવાનનું ક્રીડા ભાંડ છે. સમગ્ર વિશ્વમાં રૂપ અને નામના ભેદથી અદ્‌ભુત કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણ જ વિલસી રહ્યા છે. સમગ્ર વિશ્વ ભગવાનમાંથી જ ઉત્પન્ન થયેલું છે અને જીવમાત્ર તેનો જ અંશ છે. તેથી ભગવાન પોતે આજ્ઞા કરે છે કે ‘‘મમૈવાંશો જીવલોકે જીવભૂત સનાતનઃ’’. જીવમાત્ર ભગવાનનો અંશ હોવાથી દરેક જીવની પ્રભુ તરફ ગતિ સહજ છે. કારણ કે, સંસારનો નિયમ છે કે જે જેનો અંશ છે તેની તેના અંશી તરફ સહજ ગતિ હોય છે. દા.ત. આપણે જોઈએ છીએ કે અગ્નિની જવાળાઓ હંમેશા ઉંચે આકાશમાં સૂર્ય તરફ જતી હોય છે. આ ભૌતિક અગ્નિ સૂર્યના અંશ રૂપ હોવાથી તેની જવાળા સૂર્ય તરફ સહજ રીતે જતી હોય છે. જીવ આનંદરૂપ ભગવાનનો અંશ હોવાથી તેની ગતિ પણ હંમેશા આનંદને પ્રાપ્ત કરવા તરફ જ હોય છે. જીવ દ્વારા કરવામાં આવતી દરેક ક્રીયા પાછળનો જીવનો હેતુ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માત્ર અને માત્ર આનંદ મેળવવાનો જ હોય છે. પરંતુ જીવને પૂર્ણાનંદ પ્રભુ સિવાય બીજી કોઈ જગ્યાએ આનંદ મળતો નથી. જીવના દરેક વ્યવહાર અને ક્રીયાઓની સફળતાથી જીવને થતો આનંદ એ કેવલ આભાસ માત્ર હોય છે. પરંતુ, પરિણામમાં તે દુઃખદાયી બને છે. તેથી અહિં પરમાનંદદાસજી જીવને આવા નિત્ય આનંદની પ્રાપ્તિ કેવી રીતે થાય અને તેનું સ્વરૂપ શું છે તે બતાવી રહ્યા છે. **સહજ પ્રીતિ ગોપાલે ભાવે।।** આનંદ રૂપ પ્રભુ તરફનો જીવનો પ્રેમ સહજ હોય છે તેથી જ આનંદની પ્રાપ્તિ કરવા જીવ બધા વ્યવહાર કરે છે. આ બધાજ વ્યવહારો બધી જ ઇન્દ્રિયો દ્વારા જ્યારે સહજતાથી પ્રભુ સાથે જોડાય જાય ત્યારે તે પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે અને પ્રભુને પણ આવો પ્રેમી પ્રિય લાગે છે. આપણી બધી જ ઇન્દ્રિયોને આપણે ભગવદ્ રસનું પાન કરાવતા કરાવતા ભગવન્મય બનાવીએ છીએ ત્યારે ભગવાન પણ આપણી ભગવન્મય ઇન્દ્રિયોના પાલક ગોપાલ બની તેનું રક્ષણ કરે છે અને આ ઇન્દ્રિયો દ્વારા ભક્તને આનંદ રસનું દાન કરે છે. આવા સ્નેહની પ્રાપ્તિ થયા પછી જ્યાં સુધી ભગવદ્ મુખારવિંદનું દર્શન ન થાય, ત્યાં સુધી પ્રેમી ભક્તને સુખ નથી મળતું. તેથી આગળની પંક્તિમાં આવા ભક્તની દશાનું વર્ણન કરતા કહે છે. **મુખ દેખે સુખ હોય સખીરી, પ્રીતમ નૈનસોં નૈન મિલાવે.** આવા સ્નેહિ ભક્તને સતત એક જ તાલાવેલી હોય છે કે ભગવાન ક્યારે મળે! જ્યાં સુધી તેને ભગવાન ન મળે ત્યાં સુધી તેને ચેન નથી પડતું. આવા આતુર ભક્તને પોતાની એકે-એક ઇન્દ્રિયો દ્વારા ભગવદ્ રસનું જ પાન કરવાની અભિલાષા હોય છે. ભગવાન પણ તે ભક્તની આ અભિલાષા ચોકક્સ પૂર્ણ કરે છે. પ્રીતમ નૈનસોં નૈન મિલાવે તે પંક્તિમાં આ જ ભાવ પ્રકટ થતો હોય તેવું સમજાય છે. સહજ પ્રીતિ-પ્રેમ પ્રભુને પણ ભક્તમાં પ્રેમ કરાવે છે.

હવે આ સહજ સ્નેહનું સ્વરૂપ કેવું છે? સહજ સ્નેહ કોને કહેવાય તે સમજાવવા માટે દ્રષ્ટાંત આપે છે. **સહજ પ્રીતિ કમલ ઔર ભાનેં, સહજ પ્રીતિ કુમુદીની ઔર ચંદે.** જેમ સૂર્ય ઉગે એટલે કમલ આપો આપ ખીલી ઉઠે છે. જે બાજુ સૂર્ય નમતો જાય તે બાજુ કમલનું મુખ પણ નમતું જાય અને સૂર્ય અસ્ત થાય એટલે કમલ બીડાઇ જાય છે. રાત્રીના સમયે સફેદ પોયણી-કુમુદીનીનો પણ આવો જ ક્રમ હોય છે. ચંદ્ર ઉગે એટલે આ કુમુદીની ખીલે છે અને ચંદ્ર આથમતા તે બીડાઇ જાય છે. **સહજ પ્રીતિ કોકીલા વસંતે, સહજ પ્રીતિ રાધા નંદનંદે.** જેમ વસંતનું આગમન થાય અને કોયલના ટહુકા શરૂ થઇ જાય તે સહજ છે. શ્રીસ્વામિનીજીનો શ્રીઠાકોરજી પ્રતિ જે સહજ સ્નેહ છે. તથા **સહજ પ્રીતિ ચાતક ઔર સ્વાતે, સહજ પ્રીતિ ધરની જલધારે.** સ્વાતિ નક્ષત્રનું જલ એ ચાતકનું જીવન છે. ચાતક સ્વાતિ નક્ષત્ર સિવાય અન્ય જલને જાણતું જ નથી અને જલ ગમે તેટલી ઉંચાઇએ પણ બંધનમાં રાખવામાં આવે તો પણ તેનું બંધન છૂટતા તે પૃથ્વી તરફ જ ગતિ કરે છે. આ બધા દ્રષ્ટાંતો આપણને સહજ પ્રેમનું સ્વરૂપ સમજાવે છે. આવો જ સહજ પ્રેમ મન-વચન-કર્મથી ભગવાન શ્રીકૃષ્ણમાં હોવો જોઇએ તો જ પુષ્ટિભક્તિની પ્રેમલક્ષણા ભક્તિની ફલ-ફલીતતા છે. તેથી પરમાનંદદાસજી છેલ્લે પંક્તિમાં કહે છે. **મન, ક્રમ, વચન દાસ પરમાનંદ, સહજ પ્રીતિ કૃષ્ણ અવતારે.** જેનું વરણ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં કરેલું છે તેને શ્રીકૃષ્ણ સીવાય અન્ય કોઇ જગ્યાએ ચિત્તવૃત્તિ જવી જ ન જોઇએ. આવો સ્નેહભાવ આપણા ઘરમાં બિરાજતા, આપણું સર્વસ્વ જે છે તે સ્વસેવ્ય પ્રભુમાં જોડાય તેવો પ્રયાસ કરી મહદ્ભાગ્યશાળી બનીએ...

* * *

મારે કંઈક કહેવું છે.

સંકલન : હિમાંશી રાજાણી, સમઢિયાળા (ગીર)

વૈષ્ણવનું સ્વરૂપ

આ પુષ્ટિમાર્ગ વૈષ્ણવોની કૃપાથી જ ફલિત થાય છે. માટે વૈષ્ણવોની સેવા અને વૈષ્ણવોનો સત્સંગ ખૂબ કરવા. વૈષ્ણવ સ્વયં વ્રજનું સ્વરૂપ છે.

એનો બાહ્ય દેહ વિશુદ્ધ મથુરાતટ છે. અગિયાર ઇન્દ્રિયો અને બારમું અંતઃકરણ મળી બાર વન-ઉપવન છે. એનું ચિત્ત ગિરિ ગોવર્ધન છે. એનું મન ગોકુળ નંદગામ છે. એનું હૃદય પરાસોલી-ચંદ્ર સરોવર છે અને પ્રાણ બરસાના છે. એની ભીતર ભક્તિ રૂપા શ્રીયમુનાજી વહે છે. આવા વૈષ્ણવના આંતર દેહ રૂપ વ્રજ ચોરાસી કોશમાં શ્રીપ્રભુ સદા રમણ કરે છે. માટે વૈષ્ણવને સાધારણ ન જાણવા. વૈષ્ણવની કૃપાથી હરિ-ગુરૂની ભક્તિ સહજ સિદ્ધ થાય છે.

એક વખત સૂરદાસજી, કુંભનદાસજી વગેરે ભગવદીયો પરમાનંદદાસજીને ત્યાં સત્સંગ કરવા સુરભિકુંડ ઉપરના તેમના મુકામે ગયા. વૈષ્ણવોને અચાનક પોતાને ઘરે પધારેલા જોઇ એમના હર્ષનો પાર ન રહ્યો. તેને લાગ્યુ કે ભગવાન પોતે વિવિધ સ્વરૂપો ધારણ કરીને મારે ઘેર પધાર્યા છે. આજે મારું જીવન કૃતાર્થ થઇ ગયું છે. તેઓને ઉંચા આસને બેસાડી પોતે નમ્રભાવે જમીન પર બેઠા. પોતાનું સર્વસ્વ ભક્તો પર ન્યાછાવર કરી દેવાની ભાવના પ્રગટી. ભાવાવેશમાં મગ્ન થઇ તેમણે પદ ગાયુ.

આયે મેરે નંદનંદન કે પ્યારે.

આજે મારા પ્રભુના લાડીલા આવ્યા છે. એમનો વેશ કેટલો સુંદર છે. એ તેઓ ત્રણે લોકને અજવાળે છે. તુલસીની માળા અને મનોહર તિલક શોભી રહ્યા છે. મારા કેટલા જન્મોના પૂણ્ય આજે પ્રગટ થયા કે ભગવદ્રૂપ એવા ભગવદીયો મારે ઘરે પધાર્યા છે. મન મોહક શ્રીજી નિરંતર એમના અંતરમાં બિરાજે છે. હું એમના પર વારંવાર વારી જાઉં. મારૂં સર્વસ્વ એમના પર ન્યોછાવર કરી દઉં, તો પણ ઓછુ પડે. વૈષ્ણવોના લૌકિક સ્વરૂપનો વિચાર ન કરવો. વૈષ્ણવોની કસોટી ન કરવી. વૈષ્ણવોની નિંદા ન કરવી. વાકે મન કી વે જાને મેરે મન જગદીશ. વૈષ્ણવમાં કદી અભાવ ન લાવવો. વૈષ્ણવની સેવા તો ભાગ્યથી મળે. માટે દીનતા અને પ્રેમપૂર્વક શ્રીઠાકોરજી અને શ્રીગુરૂદેવની સાથે વૈષ્ણવોની પણ સેવા કરવી.

સેવાફલ

સંકલન : પોપટલાલ જમનાદાસ

ગતાંકથી ચાલુ

પુષ્ટિમાર્ગીય જીવ દૈવી છે, એટલે તે કદી પણ પ્રવાહમાર્ગીય અથવા આસુરી સૃષ્ટિનો તો હોઇ શકતો જ નથી, પરંતુ સંભવ છે કે તેનું શરીર, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણમાં આસુરી ભાવોનો આવેશ આવી જાય, આમાં પણ ભગવદ્ ઇચ્છા જ સમજવી.

જે જન્મમાં પુષ્ટિભક્તોના દેહ અને ઇન્દ્રિયોમાં દૈવી ગુણો પ્રબળ નથી હોતા તે જન્મમાં પુષ્ટિ પ્રભુ તે જીવની ફલાત્મિકા સેવા અંગીકાર કરવાનું ઇચ્છતા નથી એમ સમજવું જોઇએ. એવી સ્થિતિમાં કોઇપણ રીતે ભગવદ્સેવામાં ઉભા થતાં વિઘ્નો દૂર કરી શકાતા નથી. તેનો કોઇ ઉપાય જીવ પાસે હોતો નથી. પ્રભુની ઇચ્છા વિના કોઇ વિઘ્ન આવી શકતું નથી અને તેને કોઇ દૂર કરી શકતું નથી.

પુષ્ટિમાર્ગમાં ભગવદ્સેવા 'ભક્તિ' છે અને ભગવદ્-ગુણગાન કે ભગવદ્કથા 'જ્ઞાન' છે. ભગવદ્ ગુણગાન કરતા કરતા હૃદયમાં સતત શ્રીઠાકોરજીનું ધ્યાન અને સ્મરણ સતત ચાલુ રાખવું, તે જ્ઞાન કહેવાય છે. જ્ઞાનથી શોક દૂર થાય, એટલે કે શ્રીઠાકોરજીનાં ગુણગાનથી શોક દૂર થાય છે. આ પુષ્ટિમાર્ગીય વિવેક છે.

જ્યારે ભગવદ્ઇચ્છા થી સેવા ન બની શકે અને સેવામાં વિઘ્ન આવ્યા જ કરે અને પરિણામે 'સેવા' છુટી જાય, ત્યારે ભગવદ્ કથા અને ભગવદ્ ગુણગાન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. જેમનાથી આવી ભગવદ્ કથા રૂપી ભક્તિ પણ ન નભે તેમને વિવેકધૈર્યાશ્રય તથા કૃષ્ણાશ્રય ગ્રંથમાં શરણમાર્ગ બતાવ્યો છે. એ સંજોગોમાં શ્રીઅષ્ટાક્ષર મંત્રનું શક્ય તેટલું સતત રટણ ચાલું રાખવું.

પૂર્ણ ભક્તિના બે અંગ છે, માહાત્મ્ય જ્ઞાન ભક્તિનું બાહ્ય અંગ છે. સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ-ભક્તિનું આંતરિક અંગ છે, માટે જ સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ વિના સેવા તથા કથાનો નિર્વાહ શક્ય હોતો નથી.

શરણાગતિ પણ માહાત્મ્યજ્ઞાનથી સિદ્ધ થતી હોવાથી તેને પણ પુષ્ટિમાર્ગમાં જ્ઞાનરૂપ ગણવામાં આવે છે.

કેટલા પ્રતિબંધ ભગવાન દ્વારા અપાતા હોતા નથી. એવા પ્રતિબંધો દૂર કરવા માટે પુષ્ટિભક્તને યોગ્ય વિવેક તથા ધૈર્યથી કામ લેવું જોઇએ અને ક્યારેક એવા પ્રતિબંધો આવે છે કે ત્યારે આપણાં વિવેક અને ધૈર્યને પણ હચમચાવી દે છે. ત્યારે તેમનાથી બચવાના ઉપાયો શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન' અને 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં બતાવ્યા છે. જેમકે કોઇપણ વસ્તુ માટે પ્રાર્થના ન કરવી, અભિમાનનો ત્યાગ કરવો, હઠનો ત્યાગ કરવો, કોઇપણ વસ્તુનો આગ્રહ ન રાખવો, સહિષ્ણુતા કેળવવી, નિઃસાધનતા રાખવી, ભગવદ્લીલાનું ભાવન કરવું, મન અને વાણીથી શરણ ભાવના રાખવી, પ્રભુમાં દૃઢ વિશ્વાસ, અન્યાશ્રયનો મનથી પણ ત્યાગ, જે સુખ -દુઃખ આવે કે દર્દ-રોગ આવે કષ્ટ પડે તેને સહન કરવા.

જ્યારે વૈષ્ણવ તેમને થતા લૌકિક ઉદ્વેગોની પાછળ રહેલા હેતુઓ, સાધારણ પ્રતિબંધોની પાછળ રહેલા હેતુઓ, તેમજ લૌકિક ભોગની પાછળ રહેલા હેતુઓનો ત્યાગ કરે છે અને તેમાંથી સદંતર મુક્ત થાય છે, ત્યારે 'સેવા' નિર્વિઘ્ને થઇ શકે છે.

સ્વભાવ : જ્યાં સુધી આપણામાં રજોગુણ અને તમોગુણનું પ્રમાણ વધુ હોય ત્યાં સુધી મનને સેવા અનુકૂળ આવતી નથી.

આપણી સેવામાં મનને અનુકૂળતા આવતી નથી તેનું વિશેષ કારણ પણ આપણી વૈષ્ણવતાનાં ધર્મમાં અધુરી વૈષ્ણવતા છે. અધુરી વૈષ્ણવતાના ચાર કારણો છે. (૧) આપણી સેવા-સ્મરણને પાર્ટ ટાઇમ માની થોડાક સમયમાં જ પૂર્ણ કરી પતાવી દેવાની ક્રિયાવત સેવા છે.

(૨) આપણા સેવા-સ્મરણ ભગવદ્સુખ પ્રેરીત નથી. આપણી સગવડતા પ્રમાણે કરીએ છીએ. ભગવદ્સુખ માટે નથી.

(૩) આપણામાં શ્રીમહાપ્રભુજીના સાચા સિદ્ધાન્ત

અને સંપૂર્ણ સમજણોનો અભાવ છે.

(૪) ભગવદીયોના સંગનો અભાવ છે.

તેથી ચિત્ત પ્રભુમાં લાગતું નથી, વૈષ્ણવતાના ગુણધર્મો આવ્યા નથી. વૈષ્ણવતાના ગુણધર્મો નીચે મુજબ છે.

વૈષ્ણવતા નીચેના ધર્મો આવે ત્યારે પ્રાપ્ત થાય છે. (૧) દીનતા (૨) માનવતા (૩) એકતા (૪) એકાગ્રતા (૫) અનન્યતા (૬) નિશ્ચિંતતા (૭) સાત્વિક્તા.

જયાં સુધી આપણામાં રજોગુણ અને તમોગુણનું પ્રમાણ વધુ હોય ત્યાં સુધી મનને સેવા અનુકૂળ આવતી નથી તથા તેમાં મન લાગતું નથી.

ઉપર દર્શાવ્યા મુજબ ભોગ બે પ્રકારનાં છે. (૧) લૌકિકભોગ (૨) અલૌકિક ભોગ, લૌકિક ભોગ છોડવા જોઇએ. શ્રીઠાકોરજીને સમર્પિત ન કરી હોય તેવી વસ્તુઓનો ઉપયોગ ભગવદ્ સેવામાં બાધક બને છે. તેથી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવાની પહેલી આજ્ઞા મહાપ્રભુજીએ કરેલ છે. તે આપણા માટે પરમ કર્તવ્ય, મુખ્ય સાધન છે.

સિદ્ધાન્તરહસ્યમાં શ્રીમહાપ્રભુજીએ અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવાની આજ્ઞા કરી સાથે સાથે સમર્પિત વસ્તુઓનો ઉપયોગ કરવાની જરૂર પણ સમજાવી. શ્રીઠાકોરજીને સમર્પિત કરેલ ભોજન, પુષ્પમાળા, વસ્ત્ર, અલંકાર, ઘર, તુલસીજી વગેરે સમર્પિત વસ્તુ આપણા ભગવદ્ભાવને વધારે છે અને સંસારના મોહને નિવૃત કરે છે. કારણ કે શ્રીઠાકોરજીને જે સમર્પિત થાય છે તે ભગવદ્મય બની જાય છે. જેમ ગંદી ગટરનું પાણી ગંગાજીમાં મળતાં ગંગાજળ બની જાય છે. પરિવારના સભ્યો વગેરે, અન્ન, વસ્ત્ર, ઘર જે જે આપણે ઉપયોગમાં લઇએ છીએ તેને શ્રીઠાકોરજીમાં સેવાના અંગ તરીકે જોડી, સમર્પિત કરવાથી સાધક ગણ્યાં છે. કેમ કે ભગવદ્-સમર્પિત પદાર્થો આપણી લૌકિક આસક્તિ વધવાને બદલે ધીમે ધીમે આપણામાં અલૌકિક સામર્થ્ય વધારે છે, અને બધી ઇન્દ્રિયોને શ્રીઠાકોરજી તરફ લઇ જનાર બને છે. જ્યારે વૈષ્ણવ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવીને શ્રીઠાકોરજીના પ્રસાદના રૂપમાં સર્વ વસ્તુઓનો ઉપયોગ કરે છે, ત્યારે સેવાનું અંતિમ ફળ અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરવાની દિશામાં તે આગળ વધે છે, એટલા માટે જ અલૌકિક ભોગને શ્રીમહાપ્રભુજીએ લૌકિક ભોગ કરતાં મહાન કહ્યો છે.

શાસ્ત્રોમાં સમજાવવામાં આવ્યું છે કે આહાર શુદ્ધિ, સત્વ શુદ્ધિ માટે જરૂરી છે. આહાર શુદ્ધિ માટે ભોગની પ્રત્યેક વસ્તુની શુદ્ધિ જરૂરી છે. લૌકિક ભોગ ક્યારેય શોક-મોહમાંથી મુક્ત કરી શકતો નથી, એટલે તેમને બાધક ગણેલ છે.

ભગવદ્-સમર્પિત પદાર્થો આપણી લૌકિક આસક્તિ વધારવાને બદલે ધીમે ધીમે આપણામાં અલૌકિક સામર્થ્ય વગેરે વધારે છે. બધી ઇન્દ્રિયોને શ્રીઠાકોરજી તરફ લઇ જનારા બને છે. જ્યારે વૈષ્ણવ શ્રીઠાકોરજીને સમર્પણ કરાવીને શ્રીઠાકોરજીના પ્રસાદના રૂપમાં સર્વ વસ્તુઓનો ઉપયોગ કરે છે. ત્યારે સેવા નું અંતિમ ફળ અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત કરવાની દિશામાં તે આગળ વધે છે. એટલા માટે જ અલૌકિક ભોગને શ્રીમહાપ્રભુજીએ ઉત્તમ અને મહાન કહ્યો છે.

શાસ્ત્રોમાં પણ સમજાવવામાં આવ્યું છે કે આહાર શુદ્ધિ, સત્વશુદ્ધિ માટે જરૂરી છે. આહાર શુદ્ધિ માટે ભોગની પ્રત્યેક વસ્તુની શુદ્ધિની જરૂરી છે. એટલે જ ઉપર કહ્યું તેમ લૌકિક ભોગ ક્ષણિક અને અલ્પ છે. અને આપણાં દેહ, ઇન્દ્રિયો પ્રાણ અને અંતઃકરણનો નાશ કરનારો છે, એટલું જ નહીં પરંતુ સેવા માટે જરૂરી ભગવદ્ભાવને બળપૂર્વક નાશ કરનારો છે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અલ્પ, મર્ત્ય અને ભગવદ્ભાવનો નાશ કરનાર સેવામાં વિઘ્ન કરનારા લૌકિક ભોગનો ત્યાગ કરવો જોઇએ.

શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં આપે સમજાવ્યું છે કે તાદૃશી વૈષ્ણવ જો ઘરમાં રહે તો તેનાથી તેમના ભગવદ્ભાવનો નાશ થાય છે, એટલે ભોગ અને ભગવાને આપેલ પ્રતિબંધ બહુજ બળવાન પ્રતિબંધરૂપ છે, તેમાં લૌકિક ભોગનો ત્યાગ તો શક્ય છે, પરંતુ ભગવાન દ્વારા થતાં પ્રતિબંધનું નિવારણ શક્ય નથી.

ક્રમશઃ

વલ્લભના વ્હાલા વલ્લભીય

સંકલન : વિમલભાઇ ભટ્ટ

પદ્મનાભદાસ કનોજિયા બ્રાહ્મણ કનોજના વાસીના દીકરાના વહુ પાર્વતી.

હવે શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીપદ્મનાભદાસના દીકરાની વહુ પાર્વતી, તેમની વાર્તાનો ભાવ કહે છે.

(એ રાજસ ભક્ત છે. પદ્મનાભદાસ તો અષ્ટસખીઓમાં ચંપકલતા. તેમની સખી સુચરિતા, તે અહીં પુરૂષોત્તમદાસ મેહરા ક્ષત્રી થયા. એ સુંદર ચરિત્ર અને બધાને સુખરૂપ કાર્ય કરનારા છે. વળી સુચરિતાની સખી રૂપવિલાસિની છે તે અહીં પાર્વતી થઇ. લીલામાં પાર્વતીનું રૂપ ખૂબ સુંદર હતું. તે રાજસી છે. પોતાનું રૂપ ખૂબ સજાવતી. તે રૂપના ગર્વથી લીલામાંથી પડી).

પાર્વતી શ્રીઠાકુરજીની સેવા સારી રીતે કરતી. પુરૂષોત્તમદાસ મેહરા એને સારી રીતે જાણતા. જ્યારે કનોજ જાય ત્યારે એને ઘેર ઊતરતા. એક વખતે પુરૂષોત્તમદાસ મેહરા કનોજ આવી, અડેલ શ્રીગુંસાઈજીના દર્શને ગયા. અહીં પાર્વતીના હાથ-પગ સફેદ(કોઢવાળા) થયા. ત્યારે ગ્લાની (ખેદ) દીનતા થઇ. તે વેળા પોતાના પૂર્વ સ્વરૂપની (લીલાના સ્વરૂપની) પણ જાણ થઇ કે હું પુરૂષોત્તમદાસની સખી છું. મારું કામ એમના દ્વારા થશે. પછી પુરૂષોત્તમદાસને પત્ર લખ્યો કે મારી વિનંતી તમે શ્રીગુંસાઈજીને કરજો. મારા શરીરનો આ પ્રકાર થયો છે (કોઢ થયો છે) તેથી સેવા કરતાં, રસોઇ કરતાં મને ઘણો ખેદ થાય છે.

(એનો આશય એ છે કે મેં શ્રીઠાકુરજીથી રૂપનો ગર્વ કર્યો તેનું ફળ પામી, હવે ક્યારે કૃપા કરશે તે શ્રીગુસાંઈજીને વિનંતી કરી લખજો.)

આ પત્ર મોકલ્યો. એક મહોર શ્રીગુસાંઈજીને ભેટ મોકલી. એ પત્ર પુરૂષોત્તમદાસે શ્રીગુસાંઈજીને વાંચી સંભળાવ્યો. મહોર આગળ ધરી, વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ કહ્યું કે બે-ચાર દિવસમાં કહીશ.

(તે એથી કે લીલામાં રૂપના ગર્વથી, તેના અપરાધથી (આમ) થયું. તથા બીજો પણ કોઇ અપરાધ ન હોય તે વિચાર્યું. પછી બીજો અપરાધ ન દેખાયો).

ત્રણ દિવસ પછી શ્રીગુસાંઈજીએ પુરૂષોત્તમદાસને કહ્યું કે પાર્વતીને પત્ર લખો કે થોડા દિવસમાં શરીરનો રોગ દૂર થશે. સેવામાં ગ્લાનિ ન કરશો. શ્રીઠાકુરજી થોડાક દિવસમાં તારો રોગ દૂર કરશે. પુરૂષોત્તમદાસ મેહરાએ પાર્વતીને પત્ર લખ્યો. તેમાં શ્રીગુસાંઈજીના શ્રીમુખના વચન (પોતે જે કહ્યાં હતાં) લખી મોકલ્યાં. એ પત્ર પાર્વતી પાસે પહોંચ્યો. એ વાંચી પાર્વતી પ્રસન્નતાથી સેવા કરવા લાગી. સેવા કરતાં મનમાં ગ્લાનિ (ખેદ) ન લાવે. પછી ત્રણ ચાર મહિનામાં હાથ-પગ સારા થયા. ત્યારે પાર્વતી અતિ પ્રસન્નતાથી સેવા કરવા લાગી. ફરી શ્રીગુસાંઈજીને પત્ર લખી પુરૂષોત્તમદાસ મેહરા પર મોકલ્યો. તેમાં લખ્યું કે મહારાજ! આપના પ્રતાપથી સારી થઇ છું. વળી ભેટ મોકલાવી. પત્ર પુરૂષોત્તમદાસ મેહરાએ શ્રીગુસાંઈજીને વાંચી સંભળાવ્યો. શ્રીગુસાંઈજી અતિ પ્રસન્ન થયા. પાર્વતી આવી ભગવદીય હતી. પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલતી. તેથી શ્રીગુસાંઈજી સદા એના પર પ્રસન્ન રહેતા. એની વાર્તાનો પાર નથી, ક્યાં સુધી કહેવી!

હવે શ્રીમહાપ્રભુજીના સેવક, પદ્મનાભદાસના પૌત્ર, પાર્વતીના દીકરા, રઘુનાથદાસ તેમની વાર્તાનો ભાવ કહે છે.

(પાર્વતી લીલામાં રૂપવિલાસિની રાજસી ભક્ત અને રઘુનાથદાસનું નામ ગુનાભિરામ્યા. એનામાં ગુણ ખૂબ. ગુણ એ કે કોઇ બીજાથી એક દિવસમાં કામ થાય તે એક ઘડીમાં એ કરી દે. એ તામસી છે. બન્ને સુચરિતાની સખી બરાબરની છે. પુરૂષોત્તમદાસ મેહરાની બન્ને આજ્ઞાકારિણી છે.)

વાર્તાપ્રસંગ-૧

રઘુનાથદાસ કાશી ગયાં. ત્યાં ઘણાં શાસ્ત્રો ભણી શ્રીગોકુલ આવ્યા. શ્રીગુસાંઈજીના દર્શન કર્યા, દંડવત્ કર્યા. શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીના સેવક જાણીને ઘણું આદર-સમ્માન કર્યું. પોતે સુબોધિનીજીની કથા કહેતા ત્યારે રઘુનાથદાસને આગળ બેસાડતા. એક દિવસ પરમાનંદ સોની રઘુનાથદાસને પુછ્યું, તું તો કાશીમાં ઘણાં શાસ્ત્રો

ભણ્યો છે, તેથી આજે શ્રીગુસાંઈજીએ શી કથા કહી તે કહે.

(શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના સેવક પદ્મનાભદાસની સખી જાણી રઘુનાથદાસનો ખૂબ આદર કરતા. પરમાનંદદાસનું નામ લીલામાં ચંદ્રિકા છે. ચંદ્રના અજવાળાની જેમ એના દેહની કાંતિ છે. શ્રીગુસાંઈજી (શ્રીચંદ્રાવલીજી) અનેક ચંદ્રમારૂપ તેમની એ અંતરંગિણી છે. તેથી રઘુનાથદાસને કટાક્ષમાં વેણ કહ્યાં).

રઘુનાથદાસે પરમાનંદદાસને કહ્યું કે તમે સાચું પુછો તો હું કશું સમજતો નથી. શ્રીમહાપ્રભુજીના માર્ગની પરિપાટીને માર્ગની વાત જાણતો નથી. રઘુનાથદાસનું માન બધું રોળાઇ ગયું.

(અહીં એ દેખાડ્યું કે શાસ્ત્રાદિ વેદ, પુરાણ વાંચવાથી શ્રીમહાપ્રભુજીના ગ્રંથનો સિદ્ધાંત ન જણાય. કૃપાનો જ માર્ગ છે તે કૃપાથી જ જણાય).

પછી પરમાનંદ સોનીએ શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! રઘુનાથદાસ તો કશું સમજતા નથી. પછી શ્રીગુસાંઈજીએ રઘુનાથદાસને ચાર ગ્રંથ અર્થ સહિત ભણાવ્યા. (વળી) માર્ગની પ્રણાલિકા કહી. (૧) **'સિદ્ધાંતરહસ્ય'** ગ્રંથમાં માર્ગના બધા સિદ્ધાંત બતાવ્યા. (૨) **'કૃષ્ણાશ્રય'** ગ્રંથમાં એક આશ્રય દૃઢ કરી આપ્યો. (૩) **'નવરત્ન'** ગ્રંથમાં લૌકિક વૈદિક ચિંતા દૂર કરી દીધી. (૪) **'સેવાફલ'** માં સેવાનું ફળ બતાવી દીધું. પછી રઘુનાથદાસ સમજવા લાગ્યા. મોટા પંડિત થયા.

વાર્તાપ્રસંગ-૨

કેટલાક દિવસ પછી આજ્ઞા માંગી કનોજમાં પોતાને ઘેર આવ્યા. ભગવત્સેવામાં મમતા વધી, ત્યારે માતા પાર્વતીને કહ્યું કે હું તો અલગ થઇશ. શ્રીઠાકુરજીની સેવા કરીશ.

(આ કહેવાનો અભિપ્રાય એ છે કે પાર્વતી ને રઘુનાથદાસ બરાબરની સખીઓ છે. પાર્વતી રાજસી છે અને રઘુનાથદાસ તામસી ભક્ત છે. પાર્વતીએ સેવા કરીને શ્રીઠાકુરજીને વશ કર્યા છે, એ ભેદ રઘુનાથદાસે જોયો. તે પણ બરાબરના તામસી. તેથી સહેવાયું નહીં કે મારા શ્રીઠાકુરજીને આણે મન લગાડીને વશ કર્યા છે, તેથી હવે હું વશ કરું. તેથી પાર્વતીને કહ્યું, કે હું અલગ થઇને સેવા કરીશ.)

ત્યારે પાર્વતીએ કહ્યું ભલે, સેવા કર. પ્રીતિ કોઇની ભાગીદારીમાં નથી. શ્રીમહાપ્રભુજીની કૃપાથી થશે. પછી રઘુનાથદાસ અલગ થયા. એની મા પાર્વતી જળ ભરી લાવે, પાત્ર માંજે. શ્રીઠાકુરજીની બધી પરચારગી (ઉપર-ઉપરની સેવા) કરી, પછી પોતાના અલગ ઘરમાં આવીને એકલી લીટી (ઘઉં ચણાની પીળી રોટલી) કરી ભાવથી ભોગ ધરે. જળના ઘુંટડાથી ઉતારીને લે. શ્રીઠાકુરજીની સેવા શૃંગાર વિના બધું રાજસ ખાનપાન, બધું દેહસુખ છોડી દીધું. આમ કરતાં બે-ચાર દિવસ વીત્યા. પછી મથુરાનાથજીએ કહ્યું કે તું ધન્ય છે, મારી સેવા ન છોડી. તારું સુખ બધું છોડ્યું, મનમાં તાપ પણ ઘણો કર્યો. હવે તું ક્યારેક તો દાળ કર, મારું ગળું એકલી લીટી લેતાં ખખરે છે, છોલાય છે. પાર્વતીએ કહ્યું કે મહારાજ ! આપ તો રઘુનાથદાસને ત્યાં દાળ-ભાત-ખીર, બધાં શાકભાજી વગેરે સામગ્રી નિત્ય આરોગો છો. ગળું કેમ ખખરે છે? શ્રીઠાકુરજીએ પાર્વતીને કહ્યું કે મને તો તારું કરેલું ભાવે છે, તેથી એકલી લીટી આરોગું છું.

(આમ કહી એ જતાવ્યું કે પ્રીતિની લીટી મને પ્રિય છે. અહંકારથી કરેલ છપ્પન ભોગ પ્રિય નથી. શ્રીમહાપ્રભુજીની કાનિથી રઘુનાથદાસને ત્યાં પણ આરોગું છું, પરંતુ તારું કરેલું ખૂબ ભાવે છે. આવું કહી એ જણાવ્યું કે ભક્તજન સુખ પામે એ શ્રીઠાકુરજીએ પામ્યું જાણવું. વળી પાર્વતીને આટલું કહ્યું તે પાર્વતીને માટે, કે હું મારા ગળાનું નામ લઇશ તો આ બધી સામગ્રી કરશે. પછી પ્રસાદ લેશે, ત્યારે મને સુખ થશે.)

આ પ્રકારે પાર્વતીનું સુખ વિચાર્યું. પછી પાર્વતી બધી સામગ્રી પોતાને ઘેર કરવા માટે દોડી આવતી. દાળ-ભાત-શાક બધું કરતી. પાર્વતીએ વિચાર્યું કે શ્રીઠાકુરજી સુખી થાય તે કરવું.

ત્યારબાદ રઘુનાથદાસે કેટલાક દિવસ સેવા કરી. પછી જ્ઞાન થયું કે પાર્વતીની સેવા અહંકારથી છોડાવી. તેથી પ્રભુ મારા પર અપ્રસન્ન છે. તેથી ભગવદીય સાથે મળીને ચાલીશ, શ્રીઠાકુરજી પ્રસન્ન

થશે. અહંકાર કરવાથી તો મારી આ સેવા પણ જશે. આ જ્ઞાન, શ્રીગુસાંઈજીએ માર્ગનો સિદ્ધાંત બતાવ્યો હતો, તેથી એમની કૃપાથી થયું. પછી રઘુનાથદાસે પાર્વતીને કહ્યું કે મા, હવે તમે જ સેવા કરો. તમે આજ્ઞા કરશો એ હું કરીશ. હું ચૂક્યો. પાર્વતીને કોઇ ઈર્ષ્યા-અદેખાઇ તો હતી નહીં. શુદ્ધ ભક્ત છે. તેથી પ્રસન્ન થઇ રસોઇ કરવા લાગી. રઘુનાથદાસ પાસે શૃંગાર વગેરે કરાવે. આ પ્રકારે આમ કરતાં પાર્વતીના સંગથી રઘુનાથદાસને પ્રિતી થઇ, ત્યારે બંનેને એક સરખો અનુભવ થવા લાગ્યો. આ રીતે તે પદ્મનાભદાસનો પરિવાર અલૌકિક થયો.

વાર્તા સિદ્ધાન્ત :

પદ્મનાભદાસજીના દીકરાની વહુ પાર્વતી અને પૌત્ર રઘુનાથદાસના વાર્તા પ્રસંગોમાંથી આપણે નીચેના સિદ્ધાન્તો જીવનમાં ઉતારી પ્રભુને લાયક બનવાનો પ્રયાસ કરવો જોઇએ.

(૧) અહિ કહ્યુ કે પુરૂષોત્તમદાસ મહેરા સુંદર ચરિત્ર અને બધાને સુખરૂપ કાર્ય કરનારા છે. આના પરથી આપણે સમજવાનું છે કે આપણું જીવન ચરિત્ર શુદ્ધ હોવું જોઇએ અને આપણો માર્ગ તત્સુખની ભાવનાનો માર્ગ હોવાથી આપણી સામે બિરાજતા ત્રણે સ્વરૂપો હરિ ગુરૂ અને વૈષ્ણવને જેનાથી સુખ થાય તેવા જ વાણી-વ્યવહાર અને વર્તન આપણાં દ્વારા થવા જોઇએ. આપણાંથી કોઇને પણ રંચક પણ પરિશ્રમ ન થાય તેનો સતત સાવધાની પૂર્વક ખ્યાલ રાખવો જોઇએ.

(૨) આ જગતમાં શ્રીઠાકુરજી સિવાય કોઇ સૌંદર્યવાન નથી તેથી પોતાના રૂપ-સૌંદર્યનો ગર્વ ક્યારેય ન કરવો. ગર્વ આપણને પ્રભુથી દૂર કરે છે. ભગવદ્ સુખથી વંચિત થઇને સંસારના દુઃખોથી દુઃખી થવું પડે છે. માટે સાવધાન રહેવું જોઇએ.

(૩) આપણો માર્ગ કૃપા માર્ગ છે. વેદ-પુરાણ વાંચવાથી શ્રીઆચાર્યજીના ગ્રંથોના સિદ્ધાન્ત જાણી શકાતા નથી. તેથી ગમે તેટલી શાસ્ત્રાદિકની વિદ્વતા હોય પણ જ્યાં સુધી શ્રીમહાપ્રભુજી કૃપા ન કરે ત્યાં સુધી પુષ્ટિભક્તિમાર્ગ હૃદયારૂઢ થતો નથી.

(૪) ભક્તના સુખમાં જ પ્રભુને સુખ છે. જો ભક્તને પરીશ્રમ થાય તો પ્રભુને પણ પરીશ્રમ થાય છે. માટે દેહાદિકને દંડ આપીને ક્યારેય ભગવદ્ સેવા ન કરવી.

(૬) હંમેશા ભગવદીયોના સંગમાં રહી દાસત્વપૂર્વક તેમની આજ્ઞા પ્રમાણે ચાલીએ તો જ પ્રભુ પ્રસન્ન થાય છે. માટે ભગવદીયોનો દીનતાપૂર્વક નિત્ય સંગ કરવો જોઇએ.

(૭) શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના સેવન દ્વારા જીવને સ્વદોષ સ્ફુરણા થાય છે અને તે અપરાધથી બચી શકે છે.

- વાર્તા પ્રસંગોના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) પાર્વતીજી લીલામાં કોના સખી છે? તેમનું નામ શું છે ?

(૨) પાર્વતીજીને શેનો ગર્વ હતો? તેનું પરીણામ શું આવ્યું?

(૩) પાર્વતીજીનું દુઃખ કોના દ્વારા દૂર થયું? શા માટે? અને કેવી રીતે?

(૪) પાર્વતીજીનું દુઃખ દૂર કરવાનો ઉપાય બે-ચાર દિવસ પછી કહીશ એવું શ્રીગુસાંઇજીએ શા માટે કહ્યું?

(૫) પુરૂષોત્તમદાસ મહેરા લીલામાં ક્યાં સ્વરૂપનું પ્રાકટ્ય છે?

(૬) રઘુનાથદાસ લીલામાં કોનું પ્રાકટ્ય છે?

(૭) શ્રીગુસાંઇજી રઘુનાથદાસનું સમ્માન કેવી રીતે અને શા માટે કરતાં?

(૮) શ્રીગુસાંઇજીએ રઘુનાથદાસને ક્યા ગ્રંથો ભણાવ્યા? શા માટે?

(૯) રઘુનાથદાસને અલગ થઇ સેવા કરવાનો વિચાર શા માટે આવ્યો? તેનું ફલ પાર્વતીને શું મળ્યું?

(૧૦) ભગવદ્ સેવા શૃંગાર છૂટતા પાર્વતીજી કેવી રીતે નિર્વાહ કરતા? પ્રભુએ તે બદલ તેને શું આજ્ઞા કરી?

(૧૧) વાર્તા પ્રસંગો માંથી પ્રકટ થતો સિદ્ધાન્ત લખીને હૃદયારૂઢ કરો.

જાણો અને જીવો

શ્રીમદ્ ભાગવત

સંકલન : વિમલભાઈ ભટ્ટ

શ્રીભગવાનુવાચ

यच्छ्रद्धया श्रुतवत्या च भक्त्या संमृज्यमाने हृदयेऽवधाय । ज्ञानेन वैराग्यबलेन धीरा व्रजेम तत्तेऽङ्घ्रिसरोजपीठम् ।।
विश्वस्य जन्मस्थितिसंयमार्थे कृतावतारस्य पदाम्बुजं ते । व्रजेम सर्वे शरणं यदीश स्मृतं प्रयच्छत्यभयं स्वपुंसाम् ।।
यत्सानुबन्धेऽसति देहगेहे ममाहमित्यूढदुराग्रहाणाम् । पुंसां सुदूरं वसतोऽपि पुर्यां भजेम तत्ते भगवन् पदाब्जम् ।।
तान् वै ह्यसद्वृत्तिभिरक्षिभिर्ये पराहृतान्तर्मनसः परेश । अथो न पश्यन्त्युरुगाय नूनं ये ते पदन्यासविलासलक्ष्म्याः ।।
(श्रीमद् भागवत ३/५/४१-४४)

અમે આપના ચરણકમલોની એ પીઠનો આશ્રય ગ્રહણ કરીએ છીએ, જેને ભક્તજનો શ્રદ્ધા અને શ્રવણ-કીર્તનાદી ભક્તિથી પરિમાર્જીત અન્તઃકરણમાં ધારણ કરી વૈરાગ્ય પુષ્ટજ્ઞાન દ્વારા પરમ ધીર બની જાય છે. હે ઇશ! આપ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર માટે જ અવતાર ધારણ કરો છો તેથી અમે બધા આપના એ ચરણ કમલોનું શરણ લઇએ છીએ જે પોતાનું સ્મરણ કરવાવાળા ભક્તજનોને અભય કરી દે છે. જે પુરૂષોનો દેહ, ઘર તથા તેમની સાથે સંબંધ રાખનાર અન્ય તુચ્છ પદાર્થોમાં અહંતા, મમતાનો દૃઢ દુરાગ્રહ છે, એમના શરીરમાં આપ અન્તર્યામીરૂપથી રહેવા છતાં પણ જે અત્યન્ત દૂર છે; એ જ આપના ચરણારવિંદને અમે ભજીએ છીએ. પરમ યશસ્વી પરમેશ્વર! ઇન્દ્રિયોના વિષયભિમુખ રહેવાને કારણે જેમનું મન સર્વદા બહાર જ ભટકતું રહે છે એ પામર લોકો આપના વિલાસપૂર્ણ શોભાને ધારણ કરનાર વિશેષજ્ઞ ભક્તજનોનું દર્શન નથી કરી શકતા તેથી જ તે આપના ચરણોથી દૂર રહે છે.

આપણાં શાસ્ત્રોએ ભગવદ્ ચરણારવિંદનો અદ્ભુત મહિમા વર્ણવ્યો છે. શરણાગત ભક્તોની દરેક પ્રકારની ઇચ્છાને પૂર્ણ કરનાર, લક્ષ્મીજીથી સેવિત, ધરતી જેને પોતાના આભૂષણ રૂપ માને છે અને આપત્તિમાં જે ધ્યાન કરવા યોગ્ય છે એવા ચરણ કમલને અંતઃકરણમાં ધારણ કરવા યોગ્ય છે. એવા ચરણ કમલને અંતઃ કરણમાં ધારણ કરવા માટે શ્રવણ-કીર્તનાદિ ભક્તિથી પહેલા આપણાં અંતઃકરણને પરિમાર્જીત (શુદ્ધ) બનાવવુ આવશ્યક છે. આવા અંતઃકરણમાં વૈરાગ્ય યુક્ત જ્ઞાન દૃઢ થતા જીવને સર્વત્ર ભગવદ્ સ્વરૂપ અને ભગવદ્ લીલાની અનુભૂતિ થવા લાગે છે. સર્વત્ર પોતાના ઇષ્ટના સ્વરૂપની અનુભૂતિ ભક્તને અભયત્વનું દાન કરે છે. આવો ભક્ત અંતઃકરણમાં સ્થિત ભગવદ્ ચરણારવિંદનું ધ્યાન કરતા કરતા હંમેશા નિર્ભય થઇને સર્વત્ર વિચરણ કરે છે.

પરંતુ, દેહ-ગેહમાં આસક્ત અને અન્ય સંસારી તુચ્છ પદાર્થોની પ્રાપ્તિ માટે અહંતા-મમતા યુક્ત દુરાગ્રહ રાખનારા જીવને આ ચરણારવિંદની પ્રાપ્તિ થઇ શક્તી નથી. પ્રભુ અન્તર્યામીરૂપે સર્વના હૃદયમાં બિરાજી જ રહ્યા છે, છતાં આવા પ્રવાહી કે ચર્ષણી જીવને તેનો અનુભવ નથી થતો. પ્રભુના સર્વલોકને પાવન કરનારા ચરણારવિંદને અંતઃકરણમાં ધારણ કરવા માટે જે પોતાના વિશુદ્ધ અંતઃકરણમાં એ ચરણારવિંદનો અહર્નિશ અનુભવ કરી તેનું શરણાગતિ પૂર્વક સેવન કરી રહ્યા છે તેવા ભક્તોનો સંગ ખૂબ જ આવશ્યક છે. ઇન્દ્રિયોના વિષયાભિમૂખ રહેવાને કારણે જેમનું મન સતત બહાર જ ભટકી રહ્યું છે તેવા જીવ જ્યાં સુધી ભગવદીયોનો સંગ કરી શ્રવણ-કીર્તનાદિ દ્વારા પોતાના અંતઃકરણને શુદ્ધ ન બનાવે ત્યાં સુધી આ ભગવદ્ ચરણારવિંદની પ્રાપ્તિ તે કરી શકતો નથી. ભગવદ્ ચરણારવિંદની પ્રાપ્તિ કરી તેનો આશ્રય કર્યા વગર સંસારના તાપથી તપ્ત થયેલા જીવને બીજી કોઇ જગ્યા એ શાંતિની પ્રાપ્તિ નથી થઇ શકતી.

માટે જ પ્રભુના આધિભૌતિક ચરણારવિંદ (સત્સંગ અને શ્રીમદ્ ભાગવત), આધ્યાત્મિક ચરણારવિંદ (જ્ઞાન અને ભકિત) તથા આધિદૈવીક ચરણારવિંદ (સાક્ષાત્ સ્વરૂપના ચરણારવિંદ)ની પ્રાપ્તિ કરવા ભગવદીયોનો સંગ જરૂરી છે. ભગવદીય ભક્તોની કૃપાથી જીવની સંસારાસક્તિ દૂર થાય છે અને અંતઃકરણ શુદ્ધ બને છે. આવા અંતઃકરણને સહજતાથી શુદ્ધ બનાવી દેનારા શ્રીવલ્લભના લાડીલા ભક્તોના સંગની સતત અભિલાષા રાખવી જોઇએ. શ્રીહરિરાય મહાપ્રભુજી પણ આવી અભિલાષા સેવતા કહે છે. મિલે કબ શ્રીવલ્લભકે પ્યારે.....

બાલવિભાગ

वैष्णवबाल की दिनचर्या – ३ (गतांक से आगे)

गोस्वामी श्रीपीयूषबावाश्री

१०. ज्ञान प्राप्ति : विद्यालय में समय पर पहुँचकर प्रत्येक विषय को ध्यानपूर्वक समझें, विद्यालय की विविध प्रवृत्तियों में भाग लें, विविध भाषाओं का ज्ञान प्राप्त करें, हमारी मातृभाषा– राष्ट्रभाषा हिन्दी तथा धर्मशास्त्र–संस्कृति की भाषा संस्कृत का अभ्यास अवश्य करें। व्यवहार में तथा आगे अभ्यास के लिए इंग्लिश भाषा आवश्यक है अत: उसका भी व्यवस्थित ज्ञान प्राप्त करें। परन्तु हमारे स्वयं के वेश भाषा एवम् संस्कृति का गौरव तो सदा ही रखना चाहिए। धर्मशास्त्र ओर धर्मग्रन्थों के अभ्यास से धर्मविषयक ज्ञान प्राप्त करना चाहिए।

११. अच्छे मित्रों का संग : विद्यालय में तथा घर के आसपास अच्छे बालकों के साथ ही मित्रता करें। अशिष्ट भाषा का प्रयोग न करें। उत्तम पुस्तकों का पठन करें; पढ़ने की आदत जीवन में अत्यन्त उपयोगी सिद्ध होगी। मैदान में खेलने जाएँ; इससे जीवन मे उत्साह वृद्धि एवं शारीरिक स्वास्थ्य का लाभ प्राप्त होता है। टी.वी. कम से कम देखना चाहिए; न देखें तो अच्छा ही है। यदि देखना ही हो तो अच्छे ज्ञानवर्धक कार्यक्रम ही देखनें चाहिए।

१२. जल्दी सोना : समय पर सोने का आग्रह रखें। रात को सोने से पहले आत्मीयजनों के साथ बैठकर सत्संग करें, भगवद्‌गुणगान करके उत्तम विचारों के साथ दिन को पूर्ण करें। सब को 'जयश्रीकृष्ण' कहकर तीन बार अष्टाक्षर मन्त्र स्मरण करके शयन करना चाहिए।

બાલમિત્રો નીચેના કીર્તનમાં ખૂટતા યોગ્ય શબ્દો નીચે આપેલ કૌંસમાંથી મૂકી કીર્તન પૂર્ણ કરો અને મુખપાઠ કરો.

(હરિ, હરિસેવા, ભવમાહીં, દાસ પરમાનંદ, વિપ્રકુલ, ગોકુલકી, ઉધો, શ્યામ, વ્યાસ, વશ, શુક, પ્રેમ, ગોપાલ)

ગોપી .... કી ધ્વજા ।।
જિન .... કીયો અપને .... ઉર ધરી .... ભુજા ।।૧।।
.... મુનિ .... પ્રશંસા કીની, ... સંત સરાહી ।।
ભૂરિ ભાગ્ય .... વનિતા, અતિપુનીત .... ।।૨।।
કહા ભયો જો .... જનમ્યો, જેહિ .... નાહીં ।।
સોઈ કુલીન .... જો .... સમ્મુખ ધાઈ ।।૩।।

બાલવિભાગ

» ૮૪ વૈષ્ણવ વાર્તા પ્રસંગોના આધારે નીચે આપેલા વૈષ્ણવોનું લીલા સ્વરૂપ જાણી તેનું નામ લખો

વૈષ્ણવનું નામ	સેવ્યસ્વરૂપ	વૈષ્ણવનું નામ	સેવ્યસ્વરૂપ
(૧) ગદાધરદાસ સારસ્વાત -	....	(૯) નારાયણદાસજીની ભત્રીજી ચતુરા -	....
(૨) માધવદાસ કડાના નિવાસી -	....	(૧૦) મહાવનના ક્ષત્રાણી -	....
(૩) વેણીદાસ કડાના નિવાસી -	....	(૧૧) જીયદાસ સૂરી -	....
(૪) હરિવંશ પાઠક -	....	(૧૨) દેવાકપૂર ક્ષત્રી -	....
(૫) ગોવિંદદાસ ભલ્લા -	....	(૧૩) દેવાકપૂર ક્ષત્રીના પત્નિ -	....
(૬) અમ્મા ક્ષત્રાણી -	....	(૧૪)દિનકરદાસ શેઠ -	....
(૭) ગજ્જન ધાવન -	....	(૧૫)દિનકરદાસ-મુકુંદદાસ -	....
(૮) નારાયણદાસ બ્રહ્મચારી -	....		

» ગત માસ ડિસેમ્બરનાં ઉત્તરો

પાના નં. ૨૨ કીર્તન પૂર્ણ કરો - ઉત્તર

કહત **સબનસોં** આવો આવો ।
ઉદિત ભયો વ્રજ **વૃંદાવન** કો શશી, **આનંદ-મંગલ** ગાઓ ગાઓ ।।૧।।
કંચન પટ **મણિ-માણિક** ભૂષણ, ભેંટ **અમોલિક** લાવો લાવો ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન પ્રકટ ભયે, **દર્શનકો** તુમ જાઓ જાઓ ।।૨।।

જેવા ચક્ષુ તેવી નજર

બચુભાઇ ડોબરીયા - મોટા ગુંદાળા

શ્રીગોકુલનાથજીએ એકવાર આજ્ઞા કરી કે જુઓ વૈષ્ણવો આ જગત જેવી નજર હશે તેવું દેખાશે. જેની દૃષ્ટિ પ્રભુમય હશે તે સર્વત્ર જગતને પ્રભુમય દેખશે. આ વાત બહુ કઠણ છે. જાણવા છતાં આચરવી મહા મુશ્કેલ છે. એક સરદાર હતો તેને લકવાનો રોગ થયો તેથી તેનુ મોં વાંકુ થઇ ગયું. તે એકવાર હજામ પાસે હજામત કરાવવા બેઠો. હજામે હજામત કરતા મોઢું જોવા માટે તેને આરસી આપી. અરીસામાં જોતા સરદાર સાહેબને પોતાનું મોઢું વાંકુ દેખાયું એટલે સરદાર સાહેબે તે હજામ સાથે યુદ્ધ આરંભ્યું. હજામને કહે છે કે તારી આરસી ઘણીજ ખરાબ છે મારૂ મોં ખરાબ આરસીને લીધે વાંકુ એટલે બેડોળ દેખાય છે. આ સાંભળી હજામે કહ્યું કે સરદાર સાહેબ મારી આરસી તો બિલોરી કાચની છે પણ આપનું મોઢું વાંકુ છે. આ સાંભળતા સરદાર સાહેબ ચિડાયા એટલે હજામે કહ્યું કે સરદારજી મારૂ ન માનતા હો તો ચાર જણને પૂછી નિર્ણય કરો ન્યાય કરાવો. એટલે બે ચાર જણને બોલાવીને પૂછયું તો બધાયે મોઢું જ વાંકુ છે એમ કહ્યું આમ છતાં સરદાર સાહેબે ન માન્યું અને હજામની સાથે લડાઇ જારી રાખી.

વિવેચન : આ પ્રસંગ બહુ સુક્ષ્મ દૃષ્ટિએ વિચારવા જેવો છે. જેવી દૃષ્ટિ હોય તેવું જગત દેખાય. જેની આંખમાં કમળો હોય તે જ્યાં ને ત્યાં સર્વત્ર દોષ જ જુએ છે. પોતાનો દોષ દેખાવો કઠણ છે. પોતાનું મોં વાંકુ હોય છતાં દર્પણને દોષ દેવાની વૃત્તિ જીવ માત્રની હોય છે. માયાવાદીની જુઠી દૃષ્ટિ સર્વને જુઠુ માને. જ્યારે બ્રહ્મવાદી શુદ્ધાદ્વૈત દૃષ્ટિ સર્વત્ર પ્રભુ જોઇ જગતને લીલાત્મક અનુભવે. જેને માયાનો રોગ લાગુ પડયો હોય તેવાને જ્યાં ને ત્યાં માયા અને દોષ દેખાય. જેને બ્રહ્મનો રોગ લાગુ પડયો હોય તેવો જયાંને ત્યાં તે જગતને પ્રભુની લીલા સૃષ્ટિ રૂપ જ જોશે તેવી દૃષ્ટિને લીધે જેને શ્રીકૃષ્ણ શ્રીગીતાજીમાં સમત્વયોગંઉચ્યતે કહે છે તેમ પછી જગતને ઇશ્વરમય અનુભવવાથી તેવા બ્રહ્મવાદીની નજર સર્વત્ર સમાન જ રહે છે. પ્રવાહી જીવો પ્રવાહી કાર્ય, મર્યાદા જીવો મર્યાદિ કાર્યો અને પુષ્ટિજીવો પુષ્ટિના કાર્ય કર્યા કરશે તેમાં તેવા શુદ્ધ જીવને બોલવાપણું હોતું નથી. શુદ્ધાદ્વૈત દૃષ્ટિનો અનુભવ કંઇ ઔર છે અને તેની પણ ઔર લહેજત છે સદા જ પ્રભુમય જીવન ગાળવાની ઇચ્છા રાખનારે તો તેવી દૃષ્ટિ રાખ્યે જ છુટકો. આપણે મનમાં સત્કાર્ય સમજી આખા જગતનાં દોષ જોઇ કાઢવા મંથન કરીએ તેમાં ઉલટા પ્રભુને નાખુશ કરીએ છીએ. આથી એક ભગવદીય કહે છે કે - **મન જાણે સુકૃત કરૂ પડે કોટી અપરાધ** - જીવ મનમાં જાણે કે હું આ સુકૃત કરૂં છું પણ પ્રભુતો તેને અપરાધમાં ગણે. માટે જીવ પોતાની દ્વૈતદૃષ્ટિ હોવાથી બીજાને જુદો માની તેને શિક્ષા આપે છે. પણ જેઓ મહાપુરૂષો છે તેઓ તો પોતાના ઉપર લઇને જ જીવને શિક્ષા આપે છે. પ્રભુને આપણે નટવર કહીએ છીએ, નટ એટલે નચાવવું અને વર એટલે ધણી જેમ ધણી કહે એમ તેની સ્ત્રી નાચે એટલે કે ચાલે તેમ જ અહિં સૃષ્ટિએ પ્રભુની સ્ત્રી તેને પ્રભુ રૂપી પતિ ઇચ્છામાં આવે તેમ નચાવે. તેમાં આ સારો નાચ્યોને આ ખોટો નાચ્યો એમ કહેવાનો કોઇને હક નથી. પોતે સારા નાચવું એટલે પ્રભુ રાજી થાય. વળી, આપણે રોજ ઘાટા પાડી પાડીને ગિરિરાજધરણ કી જય બોલીએ પણ તેનો ભાવ તો સમજીએ નહિ. જો સમજીએ તો તરત જ દૃષ્ટિ લીલામય થઇ જાય. મદારી જેમ હાથ ઉંચો રાખી તેની ડુગ ડુગી બજાવે છે મોઢે મોરલી વગાડે છે તેમ પ્રભુ પણ એક મદારી કે ગારૂડી છે તે ગિરિરાજજી રૂપી ડુગ ડુગી ધારણ કરી બંસી રૂપી મોરલી વગાડી આખા જગતને નચાવે છે. જેમ ગારૂડી કે મદારી માંકડા રીંછને નચાવે તેમ નચાવે છે. એટલે કે આખું જગત પ્રભુના રમકડા ને પ્રભુ મદારી કે ગારૂડી. તે મદારી જેમ નચાવે તેમ જગતરૂપી રમકડા નાચે - જીવ રૂપી માંકડા નાચે એમાં જો કોઇ એમ કહે કે આણે સારૂ કર્યુ, આણે ખોટુ

કર્યુ તો તેમા દોષ પ્રભુ પર છે. પ્રભુ કહે છે કે હું ખુશી પ્રમાણે સર્વને ફાવે તેવી રીતે નચાવું તેમાં તું બોલનાર કોણ? તું તારો નાચ બરાબર સંભાળ અથવા તું નાચે તે પણ પ્રભુ નચાવે છે એમ જાણ. પ્રભુ મદારી કે ગારૂડી છે માટે ભગવદીયો ગાય છે કે કોઇ મને મિલાવો રે ગોકુલ ગામનો ગારૂડી. આ લીટીના ભાવનો પાર નથી. પણ આપણે ખપ પૂરતો લઇએ તો ગારૂડી ગા એટલે ગાવું અને રૂડી એટલે રૂડી રીતે બંસી કે મોરલીમાં સુંદર રીતે ગાનાર તે ગારૂડી. આખા જગતને તે મોહ પમાડે ને નચાવે એવું સુંદરગાન પ્રભુ શ્રીકૃષ્ણનું છે માટે તે ગારૂડી છે. વળી ગારૂડી એટલે મદારી મદ+અરિ એટલે શત્રુ કે અભિમાનને તોડનાર. જીવ અભિમાનથી કહેશે કે ફલાણું મે કર્યુ તો પ્રભુ તે વખતે હસે છે ને કહે છે કે મુર્ખા તું શુ કરે એ તે મારૂ કામ છે જો તું કરતો હોય તો જે વખતે જીવ નીકળી જાય ને તારૂ શબ પડે ત્યારે કરજે માટે મિથ્યા અભિમાન શું કરવા કરે છે. જ્યારે કોઇ એમ કહે છે કે ફલાણે આમ કર્યુ ત્યારે પણ પ્રભુ હસે છે ને કહે છે, કે મૂર્ખા તું માયાવાદી છે, બ્રહ્મવાદી થા એટલે કર્તા તો હું જ છું એવું જણાશે. હું મદારી છું સર્વને નચાવું તેમ નાચે છે માટે તું તો સમભાવ રાખ. આથી જ **સમત્વં યોગ ઉચ્યતે-સમદષ્ટિ** એ યોગ એટલે ભક્તિ યોગ કહેવાય છે. જ્યારે સર્વ પર સમાન નજર રહે ત્યારે ભક્તિ યોગી થયો જાણવું. દયારામભાઇ આથી જ કહે છે કે **દોરી સર્વની એની હાથમાં, ભરાવ્યું ડગલું ભરે. જેવા જંત્ર વગાડે જંત્રી તેવો સ્વર નીસરે. શ્રીકૃષ્ણને કરવું હોય તે કરે-** વળી દયારામભાઇ કહે છે કે **-કર્યુ થાય શ્રીકૃષ્ણનું, કોઇથી ઘટે નહિ લવ લેશે. તે જ પ્રમાણે સુખ દુઃખ લાભા-લાભનો સંશય લેશ રહે નહિ. તે સમે શુદ્ધિ જેવું થવાનું તેવી થાય, બુદ્ધિ થનાર હોય તે તો સહેજેય થાય, કર્તા નથી શીદ તું પસ્તાય- સેવો શ્રીકૃષ્ણ કૃપાળ।। કરવા પ્રસન્ન ચહાય કૃષ્ણને, તો અભિમાન અળગુ નાખ, શીઘ્ર દયા કેશવ તણી ઇચ્છે તો દીનતા રાખ. રાખ દીનતા એકજ કરીને, કૃપા કરવા મન થાશે હરિને બોંતેર લક્ષ કોટીએ ના સર્યુ કામ દીનતા એ બંધાયા દામ.** સેવો શ્રીકૃષ્ણ કૃપાળ।।

આવા મહાનુભાવીઓ આપણને ઢોલ વગાડીને કહે છે, પણ પેલા લકવાના રોગવાળા સરદારજી સાહેબના જેવા આપણે નહિ જ માનવાના. જેટલે અંશે આપણે કોઇને કર્તા માનીએ તેટલે અંશે આપણે અભિમાની અને માયાવાદી. પ્રભુને કર્તા જાણીએ એટલે અંશે દીનતા આવે ને દીનતા આવે, એટલે કાર્ય થઇ ગયું જાણવું- આ પ્રસંગમાં આખા ભક્તિમાર્ગની ચાવી છે. જો એ ચાવી આપણા હાથમાં આવે તો તિજોરી ખોલી તેમાંથી બધુ જવાહીર મળે. પણ ચાવી જ હાથમાં આવવી કઠણ છે. આમાં જે કહ્યું છે તે ઘરનું કશુ નથી પુરાણ પ્રમાણ સાથે છે. ભગવદીયની કિંમત તેની શુદ્ધાદ્વૈત નજર પર છે તેવી નજરને માટે જ સેવા છે કે જેથી ઘરની બધી ચીજો આપણને પ્રભુની લીલાત્મક લાગે. મંદિરની બધી ચીજો લીલાત્મક લાગે પછી વિશાળ દૃષ્ટિ થતાં જગત પણ તેવું લાગે. રાજા એ ઇશ્વર, રૈયત પ્રવાહી સૃષ્ટિ અને જનાના એ પુષ્ટિસૃષ્ટિ રૈયતને પણ રાજા પોતાની માને છે, પણ નોકરોને સામાન્ય રૈયતથી અધિક ગણે છે, તેમ મર્યાદા સૃષ્ટિ પ્રવાહી સૃષ્ટિથી પ્રભુને વધારે વ્હાલી હોય છે. તેમ જે નોકરી રૂપી મર્યાદા સૃષ્ટિ કરતાં જે પુષ્ટિ સૃષ્ટિ એટલે કે જે રાણીઓ વધારે પ્રિય હોય છે. એટલે કે પુષ્ટિસૃષ્ટિ કે જે પ્રભુની જ સેવા કરે છે તે પ્રભુને બહુ જ પ્રિય હોય છે. રૈયતને અને નોકરોને સર્વેને કાયદાને આધીન રહીને જ ચાલવું પડે પણ રાણીઓને રાજાની મરજી કે સુખ એ જ કાયદો છે. આ વાત બહુ સુક્ષ્મ વિચારે સમજાય તેવી છે. હવે આપણે આ પ્રસંગનું વિવેચન સંપૂર્ણ કરીએ માટે વૈષ્ણવે બરાબર આવા પ્રસંગો વિચારવા કે જેથી નજર નવિન થાય તો જગત પ્રભુમય અનુભવાય.

હવે આપણે સૌ આપણા પ્રાણ પ્યારા શ્રીગોકુલેશપ્રભુને લાખ લાખ વંદન કરીએ દંડવત્ કરીએ.

વૈષ્ણવ કોને કહેવાય

સંકલન : હંસાબેન કારીયા, શાપુર

પુષ્ટિમાર્ગની રાહ વૈષ્ણવોની રાહ તરીકે ઓળખાય છે. પરંતુ કોઇ પુછે કે વૈષ્ણવ કોને કહેવાય તો એ પ્રશ્નનો જવાબ કદાચ આપણી પાસે ન પણ હોય વૈષ્ણવ હોવા છતાં વૈષ્ણવ શબ્દનો અર્થ ન જાણતાં હોઇએ તો આપણે વૈષ્ણવ શાના? વેદોમાં કહ્યું છે કે ભગસાગરમાં અટવાયેલાં જે જીવ તન-મન-ધનનો સદ્‌ઉપયોગ ભગવદ્‌સેવા અને ભગવદ્ ભજન માટે કરે છે, એવો જીવ વૈષ્ણવ કહેવાય છે. ઉપનિષદોમાં કહ્યું છે કે જે વ્યક્તિ હર્ષ અને શોક, સુખ અને દુઃખથી પર રહીને સર્વત્ર પ્રભુને જુએ છે. દેહ ઇન્દ્રિયોનાં ધર્મમાં મોહ પામતો નથી, જેને જન્મ, કર્મ, ધર્મ, જાતી, વર્ણ વગેરેનું અભિમાન હોતું જ નથી, જે સર્વ જીવો પ્રત્યે સમદૃષ્ટિ રાખે છે, પ્રભુ અને ગુરૂનાં ચરણોમાં એક સમાન નિષ્ઠા રાખે છે, જે ભગવદીયો પ્રત્યે ખૂબજ સ્નેહ રાખે છે, તેવી વ્યક્તિને વૈષ્ણવ કહેવાય છે.શિવજીને પરમ વૈષ્ણવ કહેવાય છે. શ્રીઠાકોરજીનાં ભક્ત તરીકેનું તેમનું સ્થાન પુષ્ટિમાર્ગમાં દીપ્તિમાન રહ્યું છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અનુસાર વૈષ્ણવ કોણ છે કે જે મન-કર્મ અથવા વાણી દ્વારા કોઇ જીવને દુઃખ આપતો નથી તે જ વૈષ્ણવ છે. બીજું એ કે જે જીવ સર્વત્ર ફક્ત ભગવાન શ્રીકૃષ્ણને જુએ છે તે વૈષ્ણવ છે. એક વ્યાખ્યા એવી છે કે વૈ એટલે ભગવદીય ષ્ણ એટલે કૃષ્ણ વ એટલે વલ્લભ. જ્યારે પુષ્ટિમાર્ગની રાહે નીકળેલ પ્રવાસી ભગવદીયમાં સ્નેહ રાખે છે, શ્રીવલ્લભના ચરણોમાં સમર્પણ કરે છે અને શ્રીકૃષ્ણની સેવા કરી તેમની કૃપા મેળવે છે ત્યારે તે વૈષ્ણવ બને છે. એમ પણ કહેવાય છે કે જ્યારે માણસ સામે વાળી વ્યક્તિના સુખ દુઃખની દૃષ્ટિને સમજતો થઇ જાય ત્યારે આસપાસ રહેલા લોકોનું અડધુ દુઃખ ઓછું થઇ જાય છે. આવા પરોપકારી જીવોને વૈષ્ણવજન કહેવામાં આવે છે. આવા વૈષ્ણવજનનાં સંપર્કથી અન્યનું જીવન પણ સુમેળ ભર્યુ થઇ જતું હોય છે. જે પુષ્ટિજીવનું ચિત્ત સદાયે ભગવદ્‌સેવા અને ભગવદ્ દર્શન માટે આર્ત રહેલું હોય, લૌકિક કાર્યો ફક્ત એક ક્રિયા રૂપે થતાં હોય, પોતાના મન અને વાણીને સંયમમાં રાખતો હોય, ભગવદીયો પ્રત્યે પ્રેમથી પણ વિશેષ સ્નેહ ભાવ રાખતો હોય તે જ સાચો વૈષ્ણવ કહેવાય છે. શ્રીહરિરાયજી મહાપ્રભુ જણાવે છે કે વૈષ્ણવ એ છે કે જે જીવ સતત ભગવદ્ નામનો અને ભગવદ્‌વાણીનો ઉચ્ચાર કરતો હોય, જેણે પોતાનું સર્વસ્વ લૌકિક-અલૌકિક શ્રીઠાકોરજી અને શ્રીવલ્લભનાં ચરણોમાં સમર્પિત કરી દીધું હોય, જે દીનતાથી મર્મ જાણતો હોય, જે પ્રભુને સમર્પિત વસ્તુઓ પ્રસાદ રૂપે ગ્રહણ કરતો હોય, જે પોતાના આચાર્યની વાણીને ઉથાપતો ન હોય, જે પ્રભુનાં સુખને, તત્સુખને અગ્ર સ્થાને રાખતો હોય તેવો જીવ વૈષ્ણવ બનવાનો અધિકાર ધરાવે છે. વૈષ્ણવ બનવાનો અધિકાર પ્રાપ્ત થયા પછી પણ જે જીવ દીનતા, દયા અને કરૂણાનાં ભાવને હૃદયમાં સ્થિર રાખે છે, સત્સંગ અને ભગવદ્ આશ્રય છોડતો જ નથી, જે સદા હરિ, ગુરૂ, વૈષ્ણવની સેવા અને સત્કાર્યોમાં મગ્ન થઇ જાય છે ત્યારે તે જીવ વૈષ્ણવમાંથી ભગવદીય થઇ જાય છે. શ્રીવલ્લભ અને વ્રજમાં વસનારાં વ્રજરાજકુમાર શ્રીકૃષ્ણને માનનારાં જીવો અન્ય ધર્મોનો ત્યાગ કરીને કેવળ ભગવાન અને ભગવદીયો પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી તેમની સેવા કરે છે. એ જ વૈષ્ણવ છે. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મળ્યા બાદ જીવે વિચારવાનું છે કે આ માર્ગ તો પ્રેમનો જ છે. પ્રેમનાં ભાવમાં સમર્પણનો ભાવ મેળવીને ચાલવાનું છે. તે માટે સક્ષમ બનવાનું છે. જેઓ વૈષ્ણવો અને ભગવદીયો તરફ અનુરાગ રાખે છે તેમનાં પર પ્રભુની અને શ્રીવલ્લભની અપાર પ્રસન્નતા અને કૃપા ઉતરે છે. ભક્ત કવિ દયારામભાઇ કહે છે કે વૈષ્ણવ શબ્દોમાં વ શ્રીવલ્લભનો છે, બીજો વ શ્રીવિઠ્ઠલનો છે અને ષણ શ્રીકૃષ્ણનો છે. બે માત્રા સેવા-સ્મરણની છે. વૈષ્ણવ શબ્દનો અર્થ એવો થાય છે કે જે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલનાં શરણે રહી શ્રીકૃષ્ણનાં સેવા-સ્મરણમાં રત રહે તે વૈષ્ણવ. ટુંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે જ્યારે જીવ શ્રીઠાકોરજી, શ્રીવલ્લભ અને શ્રીવલ્લભના સેવકો પ્રત્યે સમાન ભાવ રાખી તેમની સેવામાં તત્પર બને છે તેમનામાં પુષ્ટિભાવ સિદ્ધ થઇ જાય છે. ત્યારે તે જીવ વૈષ્ણવ બનવાની કક્ષામાં પ્રવેશી જાય છે.

પુષ્ટિ પ્રશ્નોત્તરી

સંકલન : પોપટભાઇ ડી. ચાંગેલા, જુનાગઢ

૪૬. શ્રીઠાકોરજીના મંગલાના દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : શ્રીઠાકોરજીના મંગલાના દર્શન શ્રીનવનીત પ્રિયાજીના ભાવથી થાય છે.

૪૭. શૃંગારના દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : શૃંગારના દર્શન શ્રીગોકુલચંદ્રમાજીના ભાવથી થાય છે.

૪૮. ગ્વાલાના દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : ગ્વાલાના દર્શન શ્રીદ્વારકાનાથજીના ભાવથી થાય છે.

૪૯. રાજભોગના દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : રાજભોગના દર્શન શ્રીગોવર્ધનનાથજીના ભાવથી થાય છે.

૫૦. ઉત્થાપનનાં દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : ઉત્થાપનનાં દર્શન શ્રીમથુરાનાથજીનાં ભાવથી થાય છે.

૫૧. ભોગનાં દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : ભોગના દર્શન શ્રીગોકુલનાથજીનાં ભાવથી થાય છે.

૫૨. સંધ્યા આરતીનાં દર્શન ક્યાં ભાવથી થાય છે?

ઉત્તર : સંધ્યા આરતીનાં દર્શન શ્રીવિઠ્ઠલનાથજીનાં ભાવથી થાય છે.

૫૩. શયનનાં દર્શન ક્યા ભાવથી થાય છે?

ઉત્તર : શયનના દર્શન શ્રીમદનમોહનજીનાં ભાવથી થાય છે.

૫૪. શ્રીનાથજીની પીઠીકા કેવી છે?

ઉત્તર : શ્રીનાથજીની પીઠીકા ચોખંડી છે.

૫૫. શ્રીકૃષ્ણએ પ્રથમ દિવસે ગાયો ચરાવી હતી તે દિવસ ક્યાં નામથી ઓળખાય છે?

ઉત્તર : શ્રીકૃષ્ણએ પ્રથમ દિવસે ગાયો ચરાવી હતી તે દિવસને ગોપાષ્ટમીના નામથી ઓળખાય છે.

૫૬. શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ મહારાસ ક્યારે કર્યો હતો?

ઉત્તર : શ્રીકૃષ્ણ ભગવાને શરદપૂર્ણિમાના દિવસે પ્રથમ મહારાસ કર્યો હતો.

૫૭. પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા ક્યાં ભાવથી કરવામાં આવે છે?

ઉત્તર : બાલભાવથી (સર્વદા સર્વ ભાવેન) પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણની સેવા કરવામાં આવે છે.

૫૮. શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કન્ધમાં શ્રીકૃષ્ણ ભગવાનની કઇ ત્રણ લીલાઓનું વર્ણન છે?

ઉત્તર : શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કન્ધમાં શ્રીકૃષ્ણ ભગવાનની (૧) બાળલીલા (૨) પ્રૌઢલીલા (૩) રાજલીલા આ ત્રણે લીલાનું વર્ણન છે.

૫૯. શ્રીનાથજીનું મોટું મંદિર કોણે બનાવ્યું હતું?

ઉત્તર : શ્રીનાથજીનું મોટું મંદિર પૂરણમલ ક્ષત્રિયે શ્રીગિરિરાજી ઉપર બનાવ્યું હતું.

૬૦. શ્રીકૃષ્ણ ભગવાને કોનું માન ભંગ કર્યુ હતુ?

ઉત્તર : શ્રીકૃષ્ણ ભગવાને ઇન્દ્રનું માન ભંગ કર્યુ હતું.

૬૧. કાંકરોલીમાં ક્યું સ્વરૂપ બિરાજે છે?

ઉત્તર : કાંકરોલીમાં શ્રીદ્વારકાધીશ પ્રભુનું સ્વરૂપ બિરાજે છે.

૬૨. શ્રીપુરૂષોત્તમ સહસ્ત્ર નામ શું છે?

ઉત્તર : શ્રીપુરૂષોત્તમ સહસ્ત્ર નામ શ્રીમદ્ ભાગવતના સારરૂપ ભગવલ્લીલાનુરૂપ નામાવલી છે.

આપણા આવનારા ઉત્સવો

સંકલન - વિમલભાઈ ભટ્ટ

પૌષ વદ ૨ - મકરસંક્રાન્તિ તા. ૧૪/૦૧/૨૦૧૮

જ્યોતિષશાસ્ત્રની ગાણિતિક ગણના પ્રમાણે નવગ્રહ દરેક રાશિમાં અમુક સમય ભ્રમણ કરે છે. તે ગણના પ્રમાણે સૂર્ય દરેક રાશિમાં સામાન્યતઃ એક મહિના સુધી રહે છે. તે ગણના પ્રમાણે સૂર્યનો જ્યારે મકર રાશિમાં પ્રવેશ થાય છે ત્યારે તેને મકરસંક્રાન્તિ કહેવામાં આવે છે.

મકરસંક્રાન્તિના આગલા દિવસે ભોગી સંક્રાન્તિ કહેવામાં આવે છે. ભોગી ઉત્સવની ભાવના ગૂઢ છે. તે દિવસે પ્રભુને તલની સામગ્રી આરોગાવાય છે. મકરસંક્રાન્તિના દિવસે પણ પ્રભુને તલની વિશેષ સામગ્રી અને રાજભોગમાં ખારો અને મીઠો ખીચડો અંગીકાર કરાવાય છે. પ્રભુ સન્મુખ ગેંદ અને પતંગ ધરાવવામાં આવે છે તથા સન્મુખમાં ગેંદના અને પતંગ ઉડાવવાનાં પદો પણ ગવાય છે.

આજના દિવસે પુણ્યકાલના સમય દરમ્યાન દાન આપવાનું પણ મહત્ત્વ છે. પુષ્ટિમાર્ગમાં દાનનો ક્રમ પુણ્ય પ્રાપ્તિના હેતુથી નહિ પણ ભગવત્સુખાર્થે જ કરવામાં આવે છે. જન્માષ્ટમી, ગ્રહણ વગેરે ઉત્સવોમાં પણ ભગવત્સુખાર્થે દાનનો સંકલ્પ થાય છે. પુષ્ટિમાર્ગ તત્સુખની ભાવનાનો માર્ગ હોવાથી ભગવત્સુખનો વિચાર જ સર્વોપરિ છે અને એ જ ભાવથી સર્વ સેવાક્રમ સ્વસેવ્યના સુખાર્થે નિર્ધારિત છે.

પુષ્ટિજીવે સર્વ સેવાક્રમ શ્રીવલ્લભે ઉપદેશેલ સિદ્ધાન્ત અને ભાવના અનુસાર કરવો જોઇએ.

તત્સુખના ભાવથી આપણે આપણા પ્રભુને લાડ લડાવીને આ ઉત્સવને ઉજવીએ.

મહાસુદ ૪ - શ્રીદામોદરદાસ હરસાનીજીનો ઉત્સવ તા. ૨૧/૦૧/૨૦૧૮

મહાસુદ ૪ ના દિવસે પુષ્ટિમાર્ગના પ્રથમ બ્રહ્મસમ્બન્ધદિક્ષા પ્રાપ્ત કરનારા વૈષ્ણવ શ્રીદામોદરદાસ હરસાનીજીનો પ્રાગટ્ય ઉત્સવ મનાય છે.

શ્રીદામોદરદાસજીનું પ્રાકટ્ય શ્રીમહાપ્રભુજીની પહેલા થયેલું છે. શ્રીમહાપ્રભુજી શ્રીદામોદરદાસજીને ''દમલા'' કહિને બોલાવતા. ૮૪ વૈષ્ણવના વાર્તા પ્રસંગમાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાય મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''દમલા સો અમલા'' એટલે કે શ્રીદામોદરદાસજી સર્વ મલ કહેતા દોષોથી રહિત છે. અને જેને પ્રભુ કરતા પણ વિશેષ પ્રીતિ શ્રીમહાપ્રભુજીમાં છે તેને અમલ કહ્યા છે. શ્રીપુરૂષોત્તમ સહસ્ર નામમાં શ્રીમહાપ્રભુજીએ પ્રભુનું એક નામ કહ્યું છે. ''દામોદરો ભક્તવશ્યો'' એટલે કે યશોદાજીના બંધનમાં આવેલા પ્રભુ દામોદર, ભક્તને વશ કહેતા આધીન છે, તેવી રીતે અહિં શ્રીમહાપ્રભુજી પણ શ્રીદામોદરદાસજીને અધીન છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરતા કે ''દમલા યહ માર્ગ તેરે લિયે પ્રકટ કીયો હૈ,'' આ આજ્ઞા પરથી આપણે સમજી શકીએ કે આ માર્ગ આપણને સહુને શ્રીદામોદરદાસજીની આડીથી પ્રાપ્ત થયો

છે અને તેમની આડીથી જ આપણો આ માર્ગમાં અંગીકાર થાય છે. એટલા માટે આપણો માર્ગ ''વૈષ્ણવ થકી, વૈષ્ણવ માટે અને વૈષ્ણવનો માર્ગ કહેવાય છે.''

શ્રીમહાપ્રભુજીએ માર્ગની રીત અને રહસ્ય શ્રીદામોદરદાસજીના હૃદયમાં સ્થાપેલા હતા અને શ્રીગુસાંઇજીને આપના દ્વારા માર્ગની રીત પ્રાપ્ત કરાવી હતી. દરેક અનન્ય વૈષ્ણવના હૃદયમાં શ્રીદામોદરદાસજીનું આધિદૈવિક સ્વરૂપ બિરાજે છે તેથી વૈષ્ણવના સંગથી જ પુષ્ટિમાર્ગની ફલફલિતતા છે આવા શ્રીવલ્લભમાં અનન્ય આસક્તિ વાળા ભગવદીય શ્રીદામોદરદાસજીને અનેકશઃ વંદન...

મહા સુદ ૫ - વસંત પંચમી તા. ૨૨/૦૧/૨૦૧૮

વસંત પંચમી એ કામદેવનો જન્મદિવસ મનાય છે. કામદેવને મહાદેવજીએ બાળી નાખ્યો તેથી તે પછી ભગવાન્ શ્રીકૃષ્ણના વિવાહ રૂકમણીજી સાથે થયા ત્યારબાદ તેમને ત્યાં પુત્ર રૂપે ફરીથી તેનો જન્મ પ્રદ્યુમ્નજી રૂપે થયો છે. વસંત વિના કામદેવની વૃદ્ધિ થતી નથી. તેથી કામદેવનો જન્મદિવસ વસંત પંચમી તરીકે ઓળખાય છે.

પુષ્ટિમાર્ગમાં આજના દિવસે પ્રભુ સન્મુખ પીત વસ્ત્રથી આચ્છાદિત વસંતના કળશનું અધિવાસન વસંત આગમનની સૂચના રૂપે કરવામાં આવે છે. વસંત કળશમાં આંબાનો મોર, સરસવ, ખજુરીની ડાળીમાં બોર ખોંસીને સજાવવામાં આવે છે. રાજભોગ બાદ આ કળશનું અધિવાસન થાય છે અને પ્રભુને વસંત ખેલ ખેલાવવામાં આવે છે. ચંદન-ચોવા-અબીર-ગુલાલથી પ્રભુને ખેલાવી પીછવાઇ, ચંદરવા વગેરેને સૂક્ષ્મ ખેલાવાય છે. ત્યારબાદ વસંતના કળશને ખેલાવાય છે. અહિં ચંદન, ચોવા, અબીર, ગુલાલથી શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી શ્રીચંદ્રાવલીજી વગેરેના ભાવથી ખેલ થાય છે.

મહાસુદ ૫ થી ફાગણ સુદ ૧૫ સુધીના ૪૦ દિવસના હોળી ખેલનો પ્રારંભ વસંત પંચમીથી થાય છે. આ ૪૦ દિવસ વ્રજભક્તો સખ્યભાવથી પ્રભુ સાથે રંગોથી ખેલે છે. તેથી ખેલના સમયમાં પ્રભુના ચરણારવિંદ ઉપર વસ્ત્ર આચ્છાદન કરી ઢાંકી દેવાય છે. જે દાસ્યભક્તિના આચ્છાદનપૂર્વક સખ્યભક્તિના ભાવની પ્રધાનતાનું સૂચન કરે છે.

વસંત પંચમીથી ખેલના દિવસોમાં રાજભોગમાં નિત્ય શ્રીગુસાંઇજી કૃત અષ્ટપદી ''હરિરિહ બ્રજયુવતિ શતસંગે''નું ગાન થાય છે. પ્રભુની નંદાલય અને વ્રજમાં કરેલી બધી લીલા રસાત્મક હોવાથી તે લીલાઓ દ્વારા વ્રજભક્તોનો પોતાની અંદર નિરોધ કર્યો છે.

પુષ્ટિસંસ્કાર સમાચાર

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા – ફરેણી

તા.૨૨/૧૧/૨૦૧૭ના રોજ ફરેણી ગામમાં આપશ્રી પધાર્યા ત્યારે આપશ્રીનું પાઠશાલાનાં બાળકો તથા વૈષ્ણવો દ્વારા ફુલોથી ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ પાઠશાલાનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો થયા અને પછી આપશ્રીના વચનામૃતનો લાભ બધા વૈષ્ણવોએ લીધો. અને આપશ્રીએ બધાને આશીર્વાદ પાઠવ્યા.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા – કલાણા

તા.૨૯/૧૧/૨૦૧૭ના દિવસે કલાણા ગામમાં રાત્રે ૮:૩૦ કલાકે આપશ્રીની પધરામણી પુષ્ટિસંસ્કાર પાઠશાલાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ થયેલ. ત્યારબાદ પુષ્ટિસંસ્કારધામ વિશે માહિતી, ડોક્યુમેન્ટ્રી બતાવી ત્યારબાદ આપશ્રીના વચનામૃત થયેલ અને છેલ્લે પુષ્ટિસંસ્કારધામ ભૂમિદાન દાતાશ્રીઓને આપશ્રી દ્વારા સન્માનિત કરી આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

આપશ્રીની ઉપસ્થિતિમાં પુષ્ટિસંસ્કારધામ સભા – વાલાસીમડી

તા.૧/૧૨/૨૦૧૭ના રોજ આપશ્રી વાલાસીમડી ગામમાં પધારતા ગામના વૈષ્ણવજનોએ ગોશાલાથી સામૈયા કર્યા હતા. ત્યારબાદ પુષ્ટિસંસ્કાર પાઠશાલા શરૂ કરવાની જાહેરાત થી વૈષ્ણવો

અને બાળકોમાં ઉત્સાહ વધ્યો હતો. આપશ્રી દ્વારા વચનામૃત થયા હતા. પુષ્ટિસંસ્કારધામમાં ભૂમિદાન કરનાર દાતાશ્રીઓનું સન્માન કરી આપશ્રી દ્વારા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા – માળીયા હાટીના

તા.૦૨/૧૨/૨૦૧૭ના રોજ આપશ્રી પધાર્યા ત્યારે કલશધારી બહેનોએ તથા વૈષ્ણવજનોએ આપશ્રીના સામૈયા કર્યા. ત્યારબાદ પાઠશાલાના બાળકો દ્વારા કીર્તનગાન, વક્તવ્ય, અન્યકૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આપશ્રીના વચનામૃતનો લાભ બધા વૈષ્ણવોએ લીધો તથા પુષ્ટિસંસ્કારધામની જાહેરાતથી વૈષ્ણવોમાં અનેરો ઉત્સાહ દેખાયો. પુષ્ટિસંસ્કારધામ ભૂમિદાનમાં તમામ વૈષ્ણવોએ પોતાનું યોગદાન નોંધાવ્યું. આપશ્રીએ તમામને આશીર્વાદ અને ઉપરણા ઓઢાડી સન્માનીત કર્યા હતા.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા – લીંબુડા

તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આપશ્રીની લીંબુડા ગામમાં પધરામણી. અહીં માણાવદર, ઇન્દ્રા, લીંબુડા આ ત્રણે પુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખાનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા ત્યારે બાળકોએ વાસ્તવિક સ્વરૂપનાં દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ પુષ્ટિસંસ્કારધામમાં ભૂમિદાન કરનાર દાતાશ્રીનું આપશ્રી દ્વારા કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ આપશ્રીના વચનામૃતનો લાભ બધા વૈષ્ણવોએ લીધો હતો.

આપશ્રીની ઉપસ્થિતિમાં પુષ્ટિસંસ્કારધામ સભા – વડાળા

તા.૧૫/૧૨/૨૦૧૭ના દિવસે વડાળા ગામમાં આપશ્રીની પધરામણી. એક બાળક દ્વારા મંગલાચરણ થી સભાની શરૂઆત થઇ. ત્યારબાદ આપશ્રીના વચનામૃત થયા. પુષ્ટિસંસ્કારધામમાં ભૂમિદાન કરનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. ગામમાં નવી પુષ્ટિસંસ્કાર પાઠશાલાનો પ્રારંભ કરવાની જાહેરાત થઇ. વૈષ્ણવોએ ખૂબ ઉત્સાહ બતાવ્યા હતો. આપશ્રીએ બધા વૈષ્ણવોને આશીર્વાદ પાઠવ્યા.

આપશ્રીની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પુષ્ટિસંસ્કારધામ સભા - નાકરા

તા.૧૬/૧૨/૨૦૧૭ના દિવસે નાકરા ગામમાં આપશ્રી પધાર્યા ત્યારે બધા વૈષ્ણવો સાથે ગામની ગોશાલાની બેન્ડપાર્ટી દ્વારા આપશ્રીના સામૈયા કરવામાં આવ્યા. ત્યારબાદ પાઠશાલાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે નાનડીયા પાઠશાલાના બાળકોએ પણ કૃતિઓ રજુ કરી હતી.તેમજ આપશ્રીએ વચનામૃત દ્વારા વૈષ્ણવોને રસપાન કરાવ્યું. આપશ્રીના હસ્તે નાકરા ગામની ગોશાલાનો ચારા માટેના હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ.

પુષ્ટિસંસ્કાર પાઠશાલા વાડલા શાખા

તા.૧૧/૧૨/૨૦૧૭ના રોજ પુષ્ટિસંસ્કાર પાઠશાલા વાડલા શાખા દ્વારા શ્રીગુસાંઇજીનો પ્રાકટ્ય ઉત્સવ ખૂબજ ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો તથા પાઠશાલા સંચાલક અશોકભાઇ તેમજ પાઠશાલાનાં બાળકો તથા શિક્ષકો દ્વારા આ ઉત્સવ નિમિત્તે એક શોભાયાત્રા કાઢી હતી. બાળકોમાં ખૂબજ ઉત્સાહ જોવા મળ્યો હતો.

પુષ્ટિસંસ્કાર પાઠશાલા બગડુ શાખાનો શ્રીમોટી હવેલી - જુનાગઢ પ્રવાસ

તા.૨૬/૧૧/૨૦૧૭ના રોજ બગડુ પુષ્ટિસંસ્કાર પાઠશાલા શાખાનાં સંચાલક દ્વારા શ્રીમોટી હવેલી-જુનાગઢના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ.

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી
મોટી હવેલી-જૂનાગઢ

પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન

તથા સાંસ્કૃતિક કાર્યક્રમ

ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી
મોટી હવેલી-જૂનાગઢ

પુષ્ટિસંસ્કારધામના ઐતિહાસિક નિર્માણ સંકલ્પમાં ધર્મનિષ્ઠ વૈષ્ણવજનો વિવિધ ભૂમિદાન યોજનાઓ અન્તર્ગત સહયોગી બની રહ્યા છે. પુષ્ટિસંસ્કારધામ નિર્માણ માટે જૂનાગઢથી ૧૨ કિલોમીટર દૂર વડાલ ગામમાં ૭૫ વીઘા ભૂમિ સમ્પાદિત કરવામાં આવી છે. આ ભૂમિ પર પુષ્ટિસંસ્કારધામ સાઇટ ઓફિસનું સુવ્યવસ્થિત નિર્માણ કાર્ય સમ્પન્ન થયું છે અને સાઇટ ઓફિસ કાર્યરત થઇ છે. તે સાથે નાની સુંદર ગોશાલા પણ શોભાયમાન્ છે.

આ કાર્ય આપણા સહુના સહિયારા પ્રયાસ રૂપે થઇ રહ્યું છે, આપણું જ કાર્ય છે અને આપણા માટે જ છે. તેથી ભૂમિદાન સહયોગી પ્રત્યેક વૈષ્ણવની એ જ ભાવના છે કે આપણા સહિયારા પ્રયાસથી લેવાયેલી ભૂમિ પર પુષ્ટિસંસ્કારધામનું ભવ્ય સંકુલ શીઘ્ર સાકાર થાય. તેથી નિયમિત ગતિથી આગળ વધતા ‘પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન’નો દિવસ પણ નિર્ધારિત કરી લેવામાં આવ્યો છે. ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ - રવિવાર ના શુભ દિને ભૂમિદાન સહયોગીઓ, પુષ્ટિસંસ્કાર પાઠશાલાના વિવિધ શાખાઓના બાળકો, આગેવાનો તથા વિશાળ સંખ્યામાં વૈષ્ણવોની ઉપસ્થિતિમાં આ આયોજન સમ્પન્ન થશે.

આથી સર્વે વૈષ્ણવ સૃષ્ટિ અત્યન્ત હર્ષોલ્લાસપૂર્વક પુષ્ટિમાર્ગનાં ઇતિહાસમાં નોંધનીય એવા અતિવિલક્ષણ કાર્યમાં નિષ્ઠાપૂર્વક સહભાગી બનો તેવી ભાવના સાથે આગ્રહપૂર્વક આમંત્રિત છો.

પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન ઉત્સવમાં પોતાનું કાર્ય માનીને સહભાગી થવા તૈયાર છો ને...?

સર્વ ધર્મનિષ્ઠજનોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

તારીખઃ ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮, રવિવાર

કાર્યક્રમ રૂપરેખા

સવારે ૦૮:૦૦ થી ૦૯:૩૦ - ભૂમિપૂજન વૈદિકવિધિ
૦૯:૩૦ થી ૧૨:૩૦ - સાંસ્કૃતિક કાર્યક્રમ
૧૨:૩૦ થી ૦૩:૦૦ - ભોજન પ્રસાદ
૦૩:૦૦ થી ૦૬:૩૦ - સાંસ્કૃતિક કાર્યક્રમ, વચનામૃત


Pushtisansakar Dham
Location
Junagadh - Rajkot
National Highway
Vadal-Kathrota Road
2 KM from the Rajkot National Highway

સ્થાન

પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સ્થાન,વડાલ-કાથરોટા રોડ, વડાલ(જુનાગઢ)

સૌભાગ્યનો અવસર

ઐતિહાસિક નિર્માણ કાર્યના ભૂમિપૂજનમાં સમ્મિલિત થવાનો વિલક્ષણ અવસર

ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી તથા ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીની અધ્યક્ષતામાં અન્ય વૈષ્ણવાચાર્યશ્રીઓ, સન્તો-મહન્તો, સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો, વિશિષ્ટ અતિથિગણ તથા દેશ-વિદેશના વિવિધ ગામ-શહેરોમાંથી આવનારા હજારો વૈષ્ણવોની ઉપસ્થિતિમાં આ પુષ્ટિસંસ્કારધામ ભૂમિપૂજન મહોત્સવ આયોજિત થશે.

આ કાર્યક્રમમાં આપશ્રીની સાથે ભૂમિપૂજન કરવાનું સૌભાગ્ય વિશિષ્ટ ભૂમિદાન સહયોગી એટલે કે એક વીઘા (રૂ.૧૫ લાખ)થી વધારે ભૂમિદાન સહયોગ કરનાર વૈષ્ણવોને પ્રાપ્ત થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક વિશિષ્ટ ભૂમિદાન સહયોગી પરિવાર માટે ભૂમિપૂજન અર્થે અલગ સ્થાન અને પૂજન વ્યવસ્થા કરવામાં આવશે.

આપ પણ એક વીઘાથી વધારે ભૂમિદાન સહયોગ કરીને પુષ્ટિસંસ્કારધામની ભૂમિપૂજન વિધિમાં સમ્મિલિત થવા રૂપ ગૌરવને પ્રાપ્ત કરી શકો છો.

જેમ ગોદાન કરનાર શાસ્ત્રીય વિધિપૂર્વક સંકલ્પ કરીને ગોપૂજન દ્વારા પોતાના દાનને સમ્પન્ન કરે છે તે જ રીતે વિશિષ્ટ ભૂમિદાન કરનારને; શાસ્ત્રીય વિધિપૂર્વક ભૂમિપૂજન કરવાથી પુષ્ટિસંસ્કારધામ સાથે વિશેષ આત્મીયતા થશે.

પુષ્ટિસંસ્કારધામ એ સ્વર્ણિમ ભવિષ્ય માટેનું મહત્ત્વપૂર્ણ સોપાન છે

ઐતિહાસિક નિર્માણકાર્યમાં સહભાગી થઇએ

મુખ્ય કાર્યાલય

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન, મોટી હવેલી – જૂનાગઢ
0285-2621111 | www.pushtisanskardham.org | www.pushtisanskar.org

* વ્રતોત્સવ ટિપ્પણી *

શ્રીકૃષ્ણાબ્દ ૫૨૪૩ શ્રીવલ્લભાબ્દ ૫૪૦
વિક્રમ સંવત્ ૨૦૭૪ જાન્યુઆરી ૨૦૧૮ - ફેબ્રુઆરી ૨૦૧૮

તારીખ	તિથિ	વાર	વિશેષ દિવસની નોંધ
જાન્યુ. ૦૬	પોષ વદ/૦૫	શનિવાર	શ્રીવલ્લભજી મહારાજશ્રીનો ઉત્સવ
૦૭	૦૬	રવિવાર	શ્રીદિક્ષીતજી મહારાજશ્રીનો ઉત્સવ
૦૮	૦૭	સોમવાર	શ્રીપૂણ્યશ્લોકબાવાશ્રીનો જન્મદિવસ (મોટી હવેલી-જુનાગઢ)
૧૨	૧૧	શુક્રવાર	એકાદશીવ્રત
૧૩	૧૨	શનિવાર	ભોગી
૧૪	૧૩	રવિવાર	મકરસંક્રાન્તિ - તિલવા ઉત્થાપનમાં ધરવા
૨૧	મહા સુદ/૦૪	રવિવાર	શ્રીદામોદરદાસ હરસાનીજીનો ઉત્સવ
૨૨	૦૫	સોમવાર	વસંત પંચમી
૨૮	૧૧	રવિવાર	એકાદશીવ્રત
૩૧	૧૫	બુધવાર	હોરીડાંડો - દણ્ડારોપણ
ફેબ્રુઆરી/૦૭	મહા વદ/૦૭	બુધવાર	શ્રીનાથજીનો પાટોત્સવ
૧૧	૧૧	રવિવાર	એકાદશીવ્રત
૨૨	ફાગણ સુદ/૦૭	ગુરૂવાર	શ્રીમથુરેશજીનો પાટોત્સવ
૨૩	૦૮	શુક્રવાર	હોળાષ્ટક પ્રારંભ
૨૬	૧૧	સોમવાર	કુંજ એકાદશીવ્રત

ટેકનોલોજી કોર્નર

મોડર્ન ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ આપણે શ્રીવલ્લભના સિદ્ધાન્તોના પ્રવર્તન માટે કરીએ. શ્રીવલ્લભના વાસ્તવિક સિદ્ધાન્તોને પ્રત્યેક વૈષ્ણવના હૃદયમાં ગુંજતા કરીએ.

નીચેના માધ્યમોથી આપ શ્રીવલ્લભના ગ્રન્થ પરના વચનામૃત, ગ્રન્થપાઠ, કીર્તન વગેરે મેળવી શકશો અને પુષ્ટિસંસ્કારની વિવિધ પ્રવૃત્તિઓમાં પણ જોડાઇ શકશો.

Website
www.pushtisanskar.org

Email
info@pushtisanskar.org

Facebook
facebook.com/PushtiSanskar

Youtube Channel
www.youtube.com/user/Pushtisanskar

Whatsapp
Mo. 8140016988

Registered Newspaper
PUSHTI SANSKAR (Monthly) - January - 2018
JUNAGADH - 362001

R.N.I. No. Guj Guj/34004/2010
Postal Reg No.G-JND 304/16-18 (Valid up to 31-12-2018)
Total Page:36

વસંતનું પદ

સહજ પ્રીતિ ગોપાલે ભાવે ।।
મુખ દેખે સુખ હોય સખીરી પ્રીતમ નૈનસોં નૈન મિલાવે ।।૧।।
સહજ પ્રીતિ કમલ ઔર ભાનેં, સહજ પ્રીતિ કુમુદીની ઔર ચંદે ।।
સહજ પ્રીતિ કોકીલા વસંતે, સહજ પ્રીતિ રાધા નંદનંદે ।।૨।।
સહજ પ્રીતિ ચાતક ઔર સ્વાતે, સહજ પ્રીતિ ધરની જલધારે ।।
મન, ક્રમ, વચન દાસપરમાનંદ સહજ પ્રીતિ કૃષ્ણ અવતારે ।।૩।।

IF NOT DELIVERED PLEASE RETURN TO
SHREE PUSHTI FOUNDATION
MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA
Owner : SHREE PUSHTI FOUNDATION
Printer, Publisher: Jayendrakumar Bhimjibhai Tanna
Editor : Kamalkumar Gordhandas Sejpal,
Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037
Published at Pushti Foundation, Moti Havali, Near Panch Hatdi Chowk, Junagadh - Gujarat